# જમાતખાનું

અલ્લામા
નસીરૂદ્દીન "નસીર" હુંઝાઈ

# જમાતખાનું

લેખક :

અલ્લામા નસીરુદ્દીન "નસીર" હુંઝાઇ

અનુવાદક :

અકબર હબીબ રાજન

પ્રકાશક :

ખાનાએ હિકમત ઇદારએ આરીફ

3, A નુરવીલા 269 ગાર્ડન વેસ્ટ

કરાચી - 3

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# મૌલા કોને ચાહે છે ?

મૌલાએ પાક જોકે સઘળાને ચાહે છે, પરંતુ દીની ખીદમતના માટે યુવાંનોને વધુ પસંદ કરે છે. એક એવો બુલંદ હિમ્મત યુવાન કે જેનાથી ઈલ્મી ખીદમતની ભરપૂર આશા રાખવામાં આવી શકે છે, તે છે અમારાં પ્રીયમિત્ર ગુલામ મુસ્તફા કાસીમઅલી (મોમીન). જેમની ટૂંકી ઓળખ આ પહેલાં અપાઇ ચૂકી છે. તેઓમાંથી સદ્દભાગ્ય અને ઈલ્મ દોસ્તીની નીશાનીઓ જાહેર થાય છે. તેમનાથી મળવા પહેલાં મેં તેમના વખાણ સાંભળ્યા હતા. તેઓ ખરેખર ધરતી ઉપરના એક ફરીશ્તા છે. તમો સઘળા આ શુદ્ધ ભાવનાની દુઆમાં મારી સાથે ભેળાં થઇ જાઓ કે ખુદાવંદ તઆલા તેમના અને તેઓના મિત્રોના દીલોને ઈલ્મના નૂરની જવાળાથી પ્રકાશિત કરી દયે. આમીન યા રબ્બલઆલમીન !

***નસીરૂદ્દીન નસીર હુંઝાઇ – કરાચી.***
૧૦ – જાન્યુઆરી ૧૯૯૪.

# અનુક્રમાણિકા

(૧) પ્રસ્તાવના....................................................૪

(૨) ખુદાનું ઘર જમાતનું ઘર (હપ્તો પહેલો) ............................૧૧

(૩) ખુદાનું ઘર જમાતનું ઘર (હપ્તો બીજો)...............................૨૦

(૪) જમાતખાના સંબંધે સવાલો .........................................૨૭

(૫) જમાતખાનાની દુઆની બરકતો અને ફાયદા (કવિતા)...........૩૫

(૬) જમાતખાનું (કવિતા).................................................૩૭

(૭) સવાબની જગ્યા (કવિતા)............................................૩૯

• • • • •

# જમાતખાનું

# પ્રસ્તાવના

***બિસ્મીલ્લાહિર્રેહમાનિર્રેહીમ.*** અલ્લાહતબારક વ તઆલાનું પાક અને હિકમતસભર ફરમાન છે ***"અલ્લાહો નૂરૂસ્સમાવાતી વલ અર્ઝે.... બિલ ગુદુવ્વી વલ અસાલી."*** (૨૪ : ૩૫–૩૬). "ખુદા (વ્યક્તિગત જગતના) આસમાનો અને ઝમીનનું નૂર છે. તેના નૂરની ઉપમા એવી છે કે જાણે એક ગોખલું, જેમાં એક પ્રકાશિત દીવો હોય, અને દીવો કાંચના ફાનસમાં હોય (અને) ફાનસ (એ પ્રકારે સાફ છે કે) જાણે મોતીની જેમ ચમકી રહેલો એક સીતારો છે. (તે દીવો) ઝૈતૂનના એક મુબારક વૃક્ષ (ના તેલ)થી પ્રકાશિત કરવામાં આવે છે, અને તે ન તો પૂર્વ તરફનો છે કે ન તો પશ્ચિમ તરફનો. તેનું તેલ (એ માટે સમર્થ છે કે) જો તેને આગ ન પણ અડકે તે છતાં એમ લાગે છે કે પોતે પોતેજ પ્રકાશિત થઇ જશે (જાણે કે એક નૂર નહીં પણ) નૂર ઉપર નૂર છે. ખુદા પોતાના નૂરની તરફ જેને ચાહે છે હીદાયત કરે છે, અને અલ્લાહ લોકોના માટે ઉપમાઓ વર્ણવે છે. અને ખુદા તો દરેક વસ્તુને સારી રીતે જાણે છે (અને હા, તે દીવો) તે ઘરોમાં પ્રકાશિત છે જેના સંબંધમાં અલ્લાહે (એવો) હુકમ આપ્યો છે કે તેનું સન્માન કરવામાં આવે અને તેમાં તેનું નામ લેવામાં આવે જેમાં સવાર અને સાંજ તે લોકો તેની તસ્બીહ પઢયા કરે છે."

એમાં કોઇ શંકા નથી કે જાહેરી કાયનાત પોતાના સુક્ષ્મ સ્વરૂપના લીધે વ્યક્તિગત જગતમાં દાખલ અને ભેગી મળેલી તથા મર્યાદિત થયેલી છે અને મહાન તથા બુઝુર્ગ ખુદા વ્યક્તિગત જગતના આસમાનો તથા ઝમીનનું નૂર છે કેમકે એમાંજ જાહેર અને બાતિનની ઐકયતા છે અને તેનાજ સઘળા હકીકી અને મારફતના ભેદો ઉપર પ્રકાશ નાખવાની જરૂરત છે, જ્યારે કે ભૌતિક આસમાન, જમીન, ખનીજ, પદાર્થ, વનસ્પતી અને હેવાનોમાં એવી કોઇ આવડત (એવો કોઇ ગૂણ) નથી કે તેઓ ઊપર નૂરે ઈમાન, નૂરે ઇલ્મ, નૂરે યકીન, નૂરે ઇશ્ક, નૂરે દીદાર અને નૂરે મારફતની કિરણો વરસાવામાં આવે, અને જ્યારે કે બીજી બાજુએ એ હકીકત સ્પષ્ટ

છે કે ઈલાહી પ્રકાશોના જગત (લાહૂત)થી અસલ ગૂણ (મૂળ ખૂબી)ના સ્વરૂપે રૂહે નાતીકા (બોલનારી રૂહ) અને અકલે જુઝવી (સામાન્ય અકલ)નો પ્રકાશ ઈન્સાનને જ અર્પણ થયો છે.

આવો આપણે પવીત્ર નૂરના આ મહાન વખાણ અને તેની તફસીર (ખુલાસા) ઉપર ગંભીરપણે વિચારીએ કે જે પવીત્ર અહેલે બૈત અલૈહીમુસ્સલામના પાક શિક્ષણમાંથી છે અને તે એ હિકમત સભર દુઆ છે કે જે હઝરત ઈમામ જાફર સાદિક અલૈહિસ્સલામ દરેક ફજરની નમાઝ પછી પડતા હતા. ***"અલ્લાહુમ્મા જઅલ લી નૂરન ફી કલબી."*** અર્થ :- અય અલ્લાહ મારા માટે મારાં હૃદયમાં એક નૂર નિયુકત કરી દે.

આ દુઆ રૂપી શબ્દોમાં સૌથી પહેલાં દીલના માટે નૂરે ઈમાન અને નૂરે ઈશ્ક માંગવામાં આવ્યો છે કેમકે ઈમાન સર્વે વસ્તુથી આગળ, (સૌથી પહેલું છે) અને તેમાં ઘણી બધી ખૂબીઓ રહેલી છે અને ઈમાનની રક્ષા તથા પ્રગતીના માટે દીલમાં ઈશ્કે ઈલાહીની ગરમી હોવી ખૂબજ જરૂરી છે અને ફકત નબુવ્વતના નૂર તથા ઈમામતના નૂરના વસીલાથીજ શકય છે. ***"વ નૂરન ફી સમ્ઈ"*** અર્થ : અને મારા કાનમાં એક નૂર નિયુક્ત કરી દે.

અત્રે એક સચ્ચાઈ સ્પષ્ટ થઈ જાય છે કે કાનોના માટે નૂરની જરૂરત છે તે ઈલ્મી અને ઈરફાની અવાજના સ્વરૂપમાં છે, કે જે જાહેરમાં ઈમામ, હુજજત, દાઈ અને બાતિનમાં જદ, ફતહ અને ખ્યાલના મારફત થઈ શકે છે.

***"વ નૂરન ફી બસરી"*** અર્થ : અને મારી આંખોમાં એક નૂર.

આનો હેતુ એ છે કે જાહેરી અને બાતિની દરેક ઈંદ્રીય અને અકલના માટે એક નૂર પ્રાપ્ત થાય માટે જાહેરી આંખો અને બાતિની દ્રષ્ટિ બન્નેના માટે નૂર જોઈએ, કે જેથી ખુદાવંદી ગુપ્ત ભેદોની અજાયબીઓ અને અચંબાઓનો અભ્યાસ અને અનુભવ કરવામાં આવે.

***"વ નૂરન ફી લીસાની"*** અર્થ : અને એક નૂર મારી જીભમાં.

જ્યારે જીભમાં નૂર જાહેર ન થાય તો તે ન તો ઝીકરે જલી (મોટી અવાજમાં ઝીકર કરવો) કરી શકે છે અને ન તો ઝીકરે ખફી. અને જો અતીશય મહેનત વડે કોઈ ઝીકર અને ઈબાદત કરી પણ લ્યે તો તેમાં

કોઈ રાહત, કોઈ મીઠાસ નથી મળતી.

***"વ નૂરન ફી શઅરીયી વ નૂરન ફી બશરીયી વ નૂરન ફી લહમીયી વ નૂરન ફી દમીયી વ નૂરન ફી ઈઝામીયી વ નૂરન ફી અસ્બીયી."***

અર્થ અને મારાં વાળ, ચામડી, ગોશ્ત, લોહી, હાડકા અને નસોમાં પણ નૂર બનાવી દે.

આ બરકતવંતી દુઆમાં કુલ્લે (૧૬) સોળ વાર શબ્દ "નૂર" આવેલ છે. આ પરથી એ ખાત્રી થાય છે કે વ્યક્તિગત જગતમાં રૂહાની અજાયબીઓ અને અચંબાઓ તથા સચ્ચાઈઓ અને મારફતની (૧૬) કાયનાતો મોજૂદ છે, જેની ઉપર પ્રકાશ નાખવાને માટે સોળ પ્રકારના નૂરોની માંગણી કરાયેલી છે. દાખલા તરીકે માનવીની ચામડી ઉપર વાળ ની દુનિયા આવેલી છે, પણ તેની બાતિની હિકમત ફક્ત તે વખતે જણાઈ શકે છે કે જ્યારે ખુદાવંદી નૂરના માઈક્રોસ્કોપથી જોવામાં આવે કે તેની અંદર વનસ્પતિની રૂહના કેવા કેવા કરીશ્માઓ છે, અને રૂહની દરેક કણના બાતિનમાં શું શું તજલ્લીઓ છે.

***"વ નૂરમ્બૈન યદય્યા, વ નૂરન ફી ખલ્ફી, વ નૂરન અન યમીય્ની વ નૂરન ઐય્યસારીયી, વ નૂરમ્મીન ફૌકી વ નૂરમ્મીન તહતી."***

અર્થ : અને મારી આગળ, પાછળ, જમણે, ડાબે, ઉપર અને નીચે પણ નૂર નિયુક્ત કરી દે. આમાં એ ઈશારો છે કે વ્યક્તિગત જગતની છ બાજુએથી છ નાતિકોના નૂર દાખલ થઈ જાય છે, આની (સમજૂતી) તફસીલના માટે પુસ્તક "વજહેદીન" ગુફતાર નંબર ૮ નો અભ્યાસ કરો. આ વર્ણનમાં નૂરની ઓળખાણ (નૂરની વ્યાખ્યા) પણ છે અને તફસીર એટલે ખુલાસો પણ.

જો આયતે મિસ્બાહ (નૂર)ની તાવીલ હુદૂદે દીન છે તો હુદૂદે દીનના રૂહાની અને અકલાની સ્વરૂપો ઈમામે મુબીન એટલે કે જાહેર ઈમામ અલૈહીમુસ્સલામમાં મર્યાદિત એટલે કે સમાયેલાં છે. આ અઝીમુશ્શાન એટલે કે ઊચ્ચતમ અને હિકમત ભરપૂર ઉપમાની અંદર લા મકાનના રહસ્ય પરથી પર્દો ઉઠવાનો ઈશારો પણ મોજૂદ છે. તે એમ કે જે બરકતવંતા ઝૈતૂનના વૃક્ષના તેલથી આ દીવો પ્રકાશિત થાય છે તે પૂર્વ કે પશ્ચિમમાં નથી એટલે કે મકાનમાં નથી પણ તે લા મકાનમાં

છે અને તેના મહાન રહસ્યના ખુલવાનો અનુભવ આરીફો (ખુદાને ઓળખનાર) ને તે સ્થિતિમાં થાય છે કે જ્યારે ખુદાવંદતઆલા બાતિની રીતે કાયેનાતને લપેટીને તેને ફના કરી દયે છે જેથી તેઓને એ સ્થિતિમાં લા મકાનના જગતના અતીશય મોટા મોટા રહસ્યોની જાણ થઇ જાય, જેમ કે સુરહ હક્કાહ (૬૯)માં ફરમાવ્યું છે કે "અને ફરીશતાઓ આકાશના કિનારા ઉપર હશે અને તારા પરવરદિગારના અર્શને તે દિવસે આઠ ફરીશતાઓ પોતાના માથા ઉપર ઊંચકી રાખશે." (૬૯:૧૭) આલમે દીનના બધે બધા રહસ્યો વ્યક્તિગત જગતમાં છુપાયેલાં છે અને આમ અર્શનો મતલબ સંપૂર્ણ નૂર છે, અને પ્રત્યેક ઇમામ પોતાના સમયમાં એકલોજ અર્શ ધરાવનાર હોય છે કેમકે તેની મુબારક પેશાનીમાં અકલનું નૂર અર્શેઅઝીમના નામથી કાર્ય કરતું રહે છે. એજ રીતે જ્યારે સાત ઇમામો અલૈહિમુસ્સલામનો વખત પૂરો થઇ જાય છે ત્યારે બાતિની રીતે એક મોટી કયામત આવે છે અને તે વખતે સામૂહિક પ્રકારે મોમીનો અને મોમીનાતની રૂહનો આઠમો ફરીશ્તો પણ એ કમમાં શામેલ થઇ જાય છે. જેમની પેશાનીમાં નૂર જાહેર થવાનો ઉલ્લેખ સુરહ (૫૭) આયત ૧૨,૧૯, ૨૮ અને સુરહ તહરીમ (૬૬) આયત ૮માં મોજૂદ છે, તે ટૂંકમાં ઝૈતૂનના વૃક્ષનું મમ્સુલ (હકીકત) લામકાનમાં નફસે કુલ્લી એટલે કે સર્વવ્યાપક રૂહ છે.

એજ એકમાત્ર નૂર દીવાના સ્વરૂપમાં અંબીયા અને ઇમામો અલૈહિમુસ્સલામના બાતિની ઘરોમાં પ્રકાશિત થતું રહ્યું છે કેમકે તેઓમાંથી પ્રત્યેક, પોતાના સમયમાં ખુદાવંદનું જીવંત ઘર હતા અને એજ સુન્નતે ઇલાહી (ઇલાહી કાનૂન) મુજબ કે જેમાં કોઇ ફેરફાર નથી આવતો, હાલ હૈયાત અને હાઝર ઇમામ અલૈહિસ્સલામ ખુદાનું પાક અને પવિત્ર ઘર છે, જેના અદબ અને આદરના માટે ખુદાએ આજ્ઞા આપેલી છે. અને એ કેટલી મોટી રહેમત છે કે પવીત્ર જમાતખાનું ખુદાના ઘરનું પ્રતિનિધિ છે અને તે ઇસ્માઇલી જમાતના માટે મોટું બરકતવંતુ ઘર છે કે જેમાં રૂહ અને રૂહાનીયતના મોટામાં મોટા મોઅજીઝાઓ સમાયેલાં છે.

આપણે દરેક બરહક ઇમામને મૌલા અલી (અ.સ.)ની જેમજ માનીએ છીએ અને એ હકીકત છે. આમ જે કંઇ પણ કુરાન, હદીસ,

ખુત્બાતુલ બયાન વિગેરેમાં ફરમાવેલું છે કે તે મૌલાના અલી (અ.સ.)ના વિષે છે પરંતુ ચોક્કસપણે દરેક ઈમામના વિષે છે અને તેથી કરીને પાક અને પવીત્ર ઈમામ અલૈહિસ્સલામ ખુદાની અજાયબીઓ તથા અચંબાઓનું જાહેરી સ્વરૂપ છે, અને જોનારાઓએ જોયું છે કે મોમીન મર્દો અને મોમીન ઔરતોના માટે ઈમામતના નૂરનો ચમત્કાર જમાતખાનાથી જ આરંભ થઈને સમગ્ર કાયેનાત ઉપર છવાઈ જાય છે એટલે કે આ નૂરના બાતિની ચમત્કારો અસંખ્ય છે.

મૌલાના મોટા મોટા ચમત્કારોમાંથી એક ચમત્કાર એ છે કે તેનું પાક નૂર જાુસ્સાએ ઈબ્દાઈયા અને નૂરાની શરીરના સ્વરૂપમાં દરેક જમાતખાનામાં મોજૂદ છે. જેમકે મહાન પદવીના માલીક ઈમામે પાછલા જામામાં એકથી વધુવાર ફરમાવ્યું છે કે તેમનું પાક નૂર જમાતખાનામાં હાજર હોય છે, જેમ કુરાને હકીમ હિકમતની ભાષામાં ફરમાવે છે કે નૂર પૂરા જગતમાં બલ્કે પૂરા બ્રહ્માંડમાં ચાલવા માટે હોય છે (યમ્શી બીહી ૬:૧૨૨ તમ્શુન બીહી ૫૭:૨૮)

અર્શે અઝીમ ઈમામ છે, કેમકે તે નૂરે અર્શને ઉપાડનાર (ધરાવનાર) છે. બૈતુલ મામૂર ઈમામ છે કેમકે તે ખુદાનું આબાદ ઘર છે. બૈતુલ્લાહ ઈમામ છે, એ માટે કે તે હકીકી કીબ્લો છે, પૂજનીય મસ્જીદ (ખાનાએ કાબા) ઈમામ છે કેમકે મસ્જીદનો અર્થ છે સીજદો કરવાની જગ્યા અને ઈમામના વ્યક્તિગત જગતમાં રૂહો અને મલાયકો અલ્લાહતઆલાના માટે સીજદો કરે છે, અને જમાતખાનું ઈમામ છે, કેમકે તે આ પવીત્ર ઘરની જાન અને પૂરી જમાતનો વહાલો છે.

કેમકે ઈસ્લામ કુદરતી મઝહબ છે તેથી ચોક્કસપણે ઈસ્લામજ આફાકી દીન (સર્વવ્યાપક દીન) છે, એનો અર્થ એ થયો કે અહીં ઈલ્મ અને અમલના કારણે ઘણાય દરજ્જાઓનો અવકાશ છે, એનો ખૂબ જ ઉમદા દાખલો સીરાતે મુસ્તકીમ છે, જેના નાના નાના દરજ્જાઓ ઘણા વધારે છે. પણ મોટા અને પ્રખ્યાત દરજ્જાઓ ફક્ત ચાર છે.

(૧) શરીયત (૨) તરીકત (૩) હકીકત અને (૪) મારફત. આ અર્થો તમોને કુરાને હકીમમાં મળી શકે છે, જેમકે ફરમાવેલું છે કે ***"લીકુલ્લીન જઅલ્ના મિન્કુમ શીરઅતંવ વ મિન્હા જા"*** (૫/૪૮)

તરજૂમો : તમારામાંથી (એ જુદા જુદા મઝહબવાળાઓ) દરેકને માટે અમોએ એક શરીયત તથા એક તરીકત નક્કી કરી દીધી છે.

સુરહ અઅરાફ (૮)માં ફરમાવેલું છે ***"હકીકુન અલા અંલ્લા અકૌલ અલા અલલ્લાહી ઈલ્લા અલહક્ક"*** (૭/૧૦૫)

તરજૂમો : (અને મૂસા (અ.સ.)એ કહ્યું કે હું) હકીકતને ઓળખનાર છું જેથી અલ્લાહના સંબંધમાં સત્ય સિવાય બીજું કંઈ બોલું નહિ." આમ કુરાને હકીમમાં જ્યાં જ્યાં હકનો શબ્દ આવ્યો છે ત્યાં હકીકતનો જ ઉલ્લેખ છે, અને એજ રીતે કુરાને મજીદમાં મારફતના શબ્દો આવેલાં છે, જેમકે ***"ફ ત્આરીફૂ"*** (૨૭/૯૬) ***યઅરીફૂન*** (૨/૧૪૬, ૬/૨૦, ૭/૪૯, ૧૬/૮૩) ***યઅરીફૂનહુમ*** (૭/૪૮) ***અર્રફહમા*** (૪૭/૬)

આ પરથી જણાય છે કે ઈસ્લામમાં શરીયતની સાથે સાથે તરીકત, હકીકત અને મારફત પણ જરૂરી – ફરજીયાત છે. અને એ ખુદાવંદી વ્યવસ્થા તથા કાર્યક્રમ મુજબ આ કામ પણ જરૂરી હતું કે મસ્જીદ અને ખાનકાહના પછી હકીકતના સ્થાન ઉપર જમાતખાનાનો અમલ શરૂ થઈ જાય, કેમકે હઝરત પયગમ્બર (સ.અ.સ.)ની રહેલતની સાથે જોકે પયગમ્બર તરફથી આવનાર વહીનો દરવાજો બંધ થઇ ગયો, પરંતુ કુરાને હકીમ અને હુઝુરે અકરમ (સ.અ.સ.)ની કેળવણીના ફળ અને પરિણામો ધીરે ધીરે જાહેર થનાર હતા.

ખુદાવંદતઆલાનો લાખ લાખ શુકર છે કે જમાતખાના જેવી પવીત્ર જગ્યા સંબંધે એક નાનકડી પુસ્તીકા તૈયાર કરવામાં આવી જેના ઘણા ખરા ભાગો આ નાચીઝ બંદાના પોતાના અમુક પુસ્તકોમાં પહેલાંથીજ મોજૂદ હતા, એનો પ્રસ્તાવ પાછલા વર્ષે (૧૯૯૨માં) અમેરિકાના પ્રવાસ દરમ્યાન તે વખતે અમલમાં આવ્યો હતો જ્યારે કે અમારા વહાલા મિત્ર, ચીફ એડવાઈઝર અકબર એ. અલીભાઈના ઘરે તેમની ફરીશ્તા જેવી પત્ની, રેકોર્ડ ઓફીસર શમ્સા અકબર એ. અલીભાઈએ એના પ્રકારનો એક મહત્વનો સવાલ રજૂ કર્યો હતો એ સવાલથી કેટલી ભલાઈ થઈ. અમો અમારાં સઘળા મિત્રોના આભારી અને શુકરગુઝાર છીએ.

દુનિયાભરમાં ઈમામે આલી મકામ અલૈહિસ્સલામની જેટલી

સંસ્થાઓ છે ખાસ કરીને દીની કેળવણી સંબંધની સંસ્થાઓ. અમે તો તેમના પગની રજના બરાબર પણ નથી. એ ખૂબ જ માનનીય સંસ્થાઓ છે, તેથી અમો તે ઉપર અમલી રીતે કુરબાન થઇ જવા ઇચ્છીએ છીએ, અને અમારી એ ઉપયોગી કુરબાની ઇલ્મી ખિદમતના સ્વરૂપમાં થઇ શકે છે, કે જેથી તે વડે જગતને પણ ફાયદો પ્રાપ્ત થાય. મને વિશ્વાસ છે કે આ નીય્યતમાં સઘળા મિત્રો મારી સાથે છે અને તેઓમાંથી કોઇને કંઇ વિરોધ નથી.

જે લોકો અહીં ઓનરરી રીતે એટલે કે અવેતન અમારાં પુસ્તકોનું ભાષાંતર કરે છે, જેઓ કમ્પ્યુટરનું કામ કરે છે, જેઓ એડીટ કરે છે અને જેઓ પુસ્તકના સંબંધે બીજાં કાર્યો કરે છે, તેઓ આ (નમ્ર – નાચીઝ) હકીર બંદાને દરેક તે વ્યક્તિઓના વ્યક્તિગત જગતમાં જીવંત કરી દેવા ઇચ્છે છે, કે જેમને પુસ્તકથી લગન છે અને ફાયદો થાય છે, કેમકે આખરતમાં ન ફક્ત એક સામાન્ય એટલે કે સામુહિક બહેશત હશે, પરંતુ તેની સાથે સાથે વ્યક્તિગત જગતની જન્નત પણ હશે, જેમાં ઇચ્છા અનુસાર દરેક વ્યક્તિ અને દરેક ન્યામત મૌજૂદ છે.

***"અલ ખલ્કુ અયાલુલ્લાહ"*** (મખ્લુક જાણે કે ખુદાનું કુટુંબ છે) જેવી સૌથી ઉમદા અને ઊચ્ચ કેળવણી જ્યારે રસુલે અકરમ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસ્લમે આપી છે. તો પછી આપણને અતીશય આજીઝી સહિત એ દુઆ કરવી જોઇએ કે અય પરવરદિગારે આલમ ! પોતાના ખાસ ઇલ્મના નૂરથી અજ્ઞાનતાની દોઝખને ઠંડી કરી દેજે, અને આદમની સઘળી ઔલાદ તથા ઇન્સાનીયતના જગતને બહેશ્તની અમર ન્યામતોથી માલામાલ કરી દેજે ! ઇલાહી તારા ક્રોધ ઉપર તારી રહેમત ને જીત પ્રાપ્ત છે, માટે એ વાતની અજાયબી નથી કે તુ સઘળા લોકોને માફ કરી દેશે. આમીન !

***નસીરૂદ્દીન નસીર હુંઝાઇ***

૩૧ ઓગષ્ટ ૧૯૯૩

# ખુદાનું ઘર - જમાતખાનું

## (ભાગ પહેલો)

ઈસ્લામ પોતાની રૂહમાં પરીપૂર્ણ દીન છે તેમાં સચ્ચાઇ અને હીદાયત તથા ઇલ્મ અને હિકમત ભર્યા પડયા છે. તેનો પ્રત્યેક શબ્દ તથા અમલ અને દરેક વસ્તુઓ જાહેરી તથા બાતિની રીતે અકલી અને રૂહાની ખૂબીઓથી માલામાલ અને વિશ્વાસ તથા મારફતના ઈશારાથી ભરપૂર છે. તો આજે આપણે અહીં ઉપર મૂજબના વિષય (ખાનાએ ખુદા - ખાનાએ જમાત) ઉપર ચર્ચા કરીએ છીએ. અને એ જાણી લેવું જોઈએ કે શું પાક-પવીત્ર હસ્તી એટલે કે ખુદા કોઈ ઘરના માટે મોહતાજ છે કે તેની જરૂરત ખરૂં જોતા, ઈમાનવાળાઓને છે ? જો આનો જવાબ એ હોય કે અલ્લાહતઆલા કે જે (બન્ને) જહાનનો રચેતા અને માલિક છે તે મકાન, અને લામકાનથી બેનિયાઝ અને વધીને છે. તો તે સ્થિતિમાં એ સવાલ થશે કે જો ખાનાએ ખુદાનું હોવું લોકોની દીની જરૂરિયાતને કારણે છે તો પછી બતાવો કે તેનાથી તેમને શું ફાયદાઓ પ્રાપ્ત થાય છે ? અને તેમાં શું શું રહસ્યો છૂપાયેલા છે ? એનો વિગતવાર જવાબ નીચે મુજબ આપવામાં આવેલ છે.

(૧) જગ્યા અને દિશા અથવા (સમય અને સ્થાન) મકાન વ ઝમાનના હિસાબે ખુદાની કલ્પના ત્રણ દરજજાઓ ઉપર નિર્ભર છે. પ્રથમ એ કે બૈતુલ્લાહની કલ્પના છે (૨૨/૨૬) બીજું એ કે તે દરેક જગ્યા ઉપર મૌજૂદ છે (૨/૧૧૫) અને ત્રીજું એ કે તે મકાન અને લામકાનથી બે નિયાઝ

અને ઊપરવટ છે કેમકે તે સુબ્હાન કુદ્દુસ અને સમદ છે અને આ સચ્ચાઈ સર્વમાન્ય તથા રદીયો ન આપી શકાય તેવી છે. કેમકે ઈસ્લામી જ્ઞાન-કેળવણી અને હીદાયત ક્રમબધ્ધ સ્વરૂપે (રફતે રફતે થનાર) છે માટે એ કામ, (એ અમર) જરૂરી ગણાયું કે પ્રત્યેક મુસ્લીમ વ્યક્તિ સૌથી પ્રથમ ખાનાએ ખુદાના મઝબૂત અકીદાને અપનાવે, અને તેની સાથે સંબંધિત થઈ જાય, તેને વળગી રહે કે જેથી તેને ત્યાંથીજ અલ્લાહ તબારક વ તઆલાના એકજ હોવા વિષેની ઓળખ એટલે કે મારફત પ્રાપ્ત થાય. અને જો કોઈ માણસ આ મૂળભૂત કલ્પનાની હિકમતને નથી સમજતો અને તેને ધ્યાનમાં નથી લેતો તો પછી તે બીજી અને ત્રીજી કલ્પનાના ખજાનાઓને સીધેસીધી રીતે પ્રાપ્ત નથી કરી શકતો કેમકે ખુદાઈ કાનૂનના વિરૂદ્ધ ચાલવું એ નાસીપાસ એટલે કે નિષ્ફળતાનું કારણ બને છે.

(૨) ઈસ્લામમાં જે રીતે અર્શે-અઝીમની કલ્પના છે, તે પણ દીને હક એટલે સાચા દીનની સઘળી હિકમતોનું કેન્દ્ર છે તેનાથી ન ફક્ત ખુદાના ઘરની મહાનતા અને બુઝુર્ગીની સાબિતી મળી જાય છે પરંતુ સાથે સાથે તેના લીધે ઘણી મોટી મહાનતાની ખાત્રી પણ થઈ જાય છે કે જે મોમીનો ધરતી ઉપર ખાનાએ ખુદાની આબાદી એટલે તેને વસાવવામાં અને તેની પ્રગતીના કામોમાં લાગેલા છે તેઓ ઉચ્ચ જગતના તે પવીત્ર ફરીશ્તાઓના જેવા છે કે જેઓ (ખુદાના સિંહાસન) અર્શે ઈલાહી સાથે જોડાયેલાં છે. અથવા તેની આસપાસ ફર્યા કરે છે. આ વર્ણન થકી એ સચ્ચાઈ સ્પષ્ટ થઈ કે જે રીતે ખાનાએ ખુદાની નઝદીકી અને તેની ઓળખાણથી માણસોને ફાયદો છે તેજ રીતે અર્શે આલાની નઝદીકી અને ઓળખાણથી ફરીશ્તાઓને મહાનતા પ્રાપ્ત થાય છે, પણ અલ્લાહ સુબ્હાન વ તઆલા દરેક વસ્તુથી બેનીયાઝ અને ઊચ્ચતમ છે.

(૩) ખુદાએ વાહીદની પાક પાકીઝા હસ્તી તે વખતે પણ હતી કે જયારે ખાનાએ કાબા નહિ હતું. અને બૈતુલ્લાહ તે વખતે ચણવામાં આવ્યું કે જયારે હઝરત આદમ અલૈહિસ્સલામનો ધરતીના આ ગૃહ ઉપર ઊતરવાનો સમય આવ્યો, અને ખુદાવંદે આલમની આજ્ઞાથી ફરીશ્તાઓએ ખાના એ ખુદાનું ચણતર કર્યું કે જેથી આદમ (અ.સ.) અને તેની ઔલાદ તેની આગળ રજૂ થઈને રૂહાની ફાયદાઓ પ્રાપ્ત કરે. આ પરથી જણાય

છે કે દીનનો પાયો અને દીનનું મૂળ ખાનાએ ખુદા એટલે ખુદાનું ઘર છે, અને એજ ખુદાનું ઘર ખાનાએ દીન અને ખાનાએ જમાત પણ છે જેને ઉર્દુ ભાષામાં "જમાતખાના" કહે છે. "ખુદાનું ઘર" કહેવાનો મતલબ એ છે કે તેમાં ખુદાના નૂર અને ગુપ્ત ભેદોના જાહેર થવાની ક્રિયા તથા ખુદાની ચાહત અને બરકતોના નાઝીલ થવાની ક્રિયા થતી રહે છે કે જેથી મોમીનો હંમેશા ખુદાના એ ઘરમાં જઇને ફાયદાઓ મેળવતા રહે અને દરરોજ જ્ઞાન અને સત્કાર્યોમાં પ્રગતી કરતા જાય.

(૪) ખાના એ કાબા, કે જેમાં મહાન તાવીલી હિકમતો છુપાયેલી છે, તે પોતાની જગ્યાએ ખૂબજ જરૂરી છે, કે જેથી દુનિયાભરના સઘળા મુસલમાનોની હિકમતોને સમજતાં, એકબીજાની સાથેની એકસંપી તથા ઐકયતાની દૌલતને હાથથી જવા ન દયે અને નબુવ્વતના સમયના મુસલમાનોની જેમ એકજ કોમની ઐકયતાના દોરામાં પરોવાયેલાંજ રહે. તેની સાથે સાથે એ બાબત પણ જરૂરી હતી કે સ્થાનિક રીતે દરેક મુસ્લીમ ગામડામાં ખુદાનું એક ઘર બનાવવામાં આવે, કેમકે એ શકય નથી કે દરરોજ ઈબાદત કરવાને માટે દૂર દૂરના દેશોમાં રહેતાં મુસલમાનો ખાનાએ કાબામાં પહોંચી શકે, માટે સરવરે અંબીયા (સ.અ.સ.)એ મસ્જીદના નામથી ખુદાતઆલાનું સ્થાનિક ઘર પણ બનાવી દીધું. આ ફકત એક ચાર દીવાલો હતી, જેમાં ત્રણ તરફ દરવાજાઓ હતા... હઝરત મુહમ્મદ (સ.અ.સ.) પછી જેટલી પણ મસ્જીદો બંધાણી, તે સર્વેનું અસલ સ્વરૂપ એજ રહ્યું હતું. ધીરે ધીરે મસ્જીદની બાંધણી મુસલમાનોમાં એક કળા (હુન્નર) બની ગઇ અને આમ એક ખાસ ઈમારત બાંધકામ એટલે કે શિલ્પ શાસ્રનો વિકાસ થયો. (ફિરોઝ સન્સ ઉર્દુ એન્સાઇકલોપીડીયા).

(૫) ઈસ્લામના કીબ્લાના કેટલાંય નામો છે, જેમકે કાબા, જેનો શાબ્દિક અર્થ થાય છે ચોરસ ઈમારત (૫/૮૫) અલ બૈત (ઘર) (૨/૧૨૫) અલ બૈતુલ અતીક (કદીમ ઘર) (૨૨/૨૯) બૈતુલ્લાહ (ખુદાનું ઘર ૨/૧૨૫) બૈતીન વુઝીઅ લિન્નાસ (તે ઘર, જે લોકો માટે નિયુકત કરવામાં આવ્યું હોય ૩/૯૬) અલ બૈતુલ હરામ (હુરમતવાળું પવીત્ર ઘર ૫/૨) અલ મસ્જીદુલ હરામ (હુરમતવાળી મસ્જીદ ૨/૧૪૪) વિગેરે

ખાનાએ ખુદાના ઉપર ઉલ્લેખાયેલા નામોમા કોઇ પણ સદેહ વગર એ વાત માનવાનું કારણ મૌજૂદ છે કે જે રીતે મુસલમાનોની ઇબાદતગાહનુ નામ મસ્જીદ વ્યાજબી છે, તેજ રીતે તેનું નામ "જમાતખાના" પણ વ્યાજબી છે, એટલે કે જમાતનું મઝહબી ઘર. કેમકે અલ્લાહનુ ઘર લોકોનું દીની ઘર હોય છે, જ્યારે કે બૈતુલ્લાહ, લોકોના માટે નિયુક્ત થયેલ છે (૩/૯૬). જ્યારે આપણે ઇતિહાસનાં સંશોધન (રીસર્ચ)ના પ્રકાશમાં નબુવ્વતના સમયને જોઇએ છીએ, તો તેમાં તેના સ્વરૂપના પ્રકારે મસ્જીદ અને જમાતખાનું એકજ જેવી ચાર દિવાલો નજરે આવે છે. આમ મારા મત મુજબ હઝરત રસુલ (સ.અ.સ.)ની મસ્જીદ, ખુદાનું સ્થાનિક ઘર અને વર્તમાન તથા ભવિષ્યનું જમાતખાનું હતું, જેને અલ્લાહ પાકનું કેન્દ્રીય પ્રતિનિધિત્વ પ્રાપ્ત હતું.

(૬) મસ્જીદનો અર્થ છે સીજદો કરવાની જગ્યા, ઇબાદતખાનુ, વળી તેનો અર્થ ઇબાદત પણ છે અને તેની તાવીલ છે ઇસ્મે આઝમ, અસાસ અને ઇમામે ઝમાન (અ.સ.). કેમકે રબ્બુલ આલમીનનું હકીકી ઇસ્મે આઝમ અને અકલ તથા જાન વાળું ઘર ઝમાનાનો હાદી હોય છે. જેમકે પુસ્તક "દાઇમુલ ઇસ્લામ" પ્રથમ ભાગ (અરબી) "કીતાબે હજ્જ"ના વિષયમાં પાના નંબર ૨૯૨ ઉપર ઉલ્લેખ છે કે ફરીશ્તાઓએ ખુદાના ઘરનું ચણતર કર્યું, તેનો અર્થ એમ છે કે મલાયકોએ ઇન્સાને કામીલના વ્યક્તિગત જગતમાં બૈતુલ્લાહ એટલે કે અલ્લાહના ઘરનું રૂહાની ચણતર કર્યું, કેમકે ફરીશ્તાઓનુ અસલ કામ રૂહાની પ્રકારનું હોય છે. અને જો એમ માની પણ લેવામાં આવે છે કે ફરીશ્તાઓ એ સાચેસાચ જાહેરી કાબાને બનાવ્યું હતું તો તેની તાવીલી હિકમત એમ હશે કે મોમીનોએ કે જેઓ જીસમાની ફરીશ્તા છે, જીસમાની જગતમાં એક જમાતખાનું બનાવ્યું અને "જેવો અમલ તેવો મહાન સવાબ"ના કાનૂન મુજબ તેઓના હાથથી રૂહાનીયતમાં કાબાએ જાનનું ચણતર કરવામાં આવ્યું.

(૭) હઝરત ઇબ્રાહીમ (અ.સ.)એ બૈતુલ્લાહનું ફરીવાર ચણતર એજ ઠેકાણે કર્યું જ્યાં તે નૂહ (અ.સ.)ના સમયમાં આવેલ તોફાનથી પહેલાં હતું. આ જગ્યાનો ઇશારો એક એવી હવાએ કર્યો કે જેને હઝરત ઇબ્રાહીમ (અ.સ.)ની શાંતિ (સંતોષ)ના માટે ખુદાવંદ તઆલાએ મોકલી હતી. જેનું

નામ સકીના હતું. આ હવાના બે માથા હતાં જે એકબીજાની પછવાડે ફરતા હતા, જેની તાવીલ છે ખુદાનો ઝીકર અને તેની રૂહાનીયત. આ પરથી એ હકીકત જાહેર થઇ જાય છે કે અલ્લાહના જાહેરી ઘરની તાવીલી પાશ્ચાદ ભૂમિકામાં નૂરાનીયતના ઘરનો ઉલ્લેખ મૌજૂદ છે, કેમકે પ્રત્યેક જાહેરનું એક બાતિન હોય છે, જેમકે બારીતઆલાનું ફરમાન છે "... **વ અસ્બગ અલૈકુમ નીઅમહુ ઝાહીરતીંવ્વ બાતીન"** (૪૮/૨૬) "અને તેણે તમારા ઉપર પોતાની ન્યામતો જાહેરી અને બાતિની, પૂરી કરી રાખી છે." (૩૧/૨૦)

(૮) અલ્લાહતઆલાનું પવીત્ર ફરમાન છે ***"વ ઈઝ જઅલ્ના અલ બૈત મસાબતલ્લીન્નાસી વ અમના વ અત્તખીનુ વ મીમ્મકામી ઈબ્રાહીમ મુસલ્લી."*** અર્થ : અને જ્યારે અમોએ ખાનાએ કાબાને સઘળા લોકોના માટે સવાબનું સ્થળ અને શાંતિ-સલામતીની જગ્યા બનાવ્યું (અને આજ્ઞા કરી) કે ઈબ્રાહીમના સ્થાનને નમાઝની જગ્યા બનાવો (૨/૧૨૫). કુરાનની આ આયતની પ્રથમ તાવીલ : જે રીતે ખુદાના હુકમથી ખાનાએ કાબા જાહેરીમાં સવાબ અને શાંતિ-સલામતીની જગ્યા છે, તેજ રીતે ઇમામે ઝમાન સલ્વાતુલ્લા અલૈહી બાતીનમાં બૈતુલ્લાહની હેસીયતે દરેક પ્રકારના સવાબનો વસીલો તથા દરેક પ્રકારની સલામતીનું સ્થાન છે. આનો અર્થ એમ થયો કે ઇમામે બરહક (અ.સ.) બાતિનનો કીબ્લો છે, જેના તરફ હૃદયથી ધ્યાનમગ્ન થવું દરેક નેક કામમાં જરૂરી છે, અને સવાબની રીત એજ છે. તમો જોશો કે સવાબનો ઉલ્લેખ પહેલે છે અને અમન (શાંતિ)નો ઉલ્લેખ તેના પછી. એની હિકમત એ છે પ્રથમ મોમીનો પાક-પવીત્ર ઇમામની ઇતાઅત અને ફરમાબરદારી વડે સવાબ અને નેકીના દરજજાઓ પસાર કરી લ્યે છે. પછી તેના પરિણામરૂપે ઇમામ (અ.સ.)ની રૂહાનીયત અને નૂરાનીયતમાં દાખલ થઇ જાય છે, અને એજ અલ્લાહ તબારક વ તઆલાનું બાતિની ઘર છે, જેમાં શાંતિ જ શાંતિ છે એટલે કે કોઇ ભય અને જોખમ નથી.

જે રીતે જાહેરીમાં હઝરત ઈબ્રાહીમ (અ.સ.)નું સ્થળ ખાનાએ કાબાની એક એવી જગ્યા છે જ્યાં એક પત્થર હતો, તેજ રીતે બાતિની ઘર એટલે કે ઇમામે મુબીનની નૂરાનીયતમાં એક અકલી મોતી છે. ત્યાં

સુધી પહોંચીને નમાઝની હિકમતોને પ્રાપ્ત કરી લેવાને માટે ફરમાવામાં આવેલુ છે.

બીજી તાવીલ: જે રીતે ખાનાએ કાબા અલ્લાહનું કેન્દ્રીય ઘર છે, તેજ રીતે જમાતખાનું ખુદાનું સ્થાનિક ઘર છે. અથવા એમ કહેવું જોઇએ કે જેમ બૈતુલ્લાહ શરીફ શરીયતના સ્થાન ઉપર છે તેમ પવીત્ર જમાતખાનુ હકીકતના સ્થાન પર છે. તેથી, ઉપર ઉલ્લેખાયેલી કુરાનની આયાતમાં જે ગૂણોનું વર્ણન થયેલું છે તે ખુદાના આ ઘર વિષે પણ છે, જે જમાતખાનાના નામે પ્રખ્યાત છે. માટે ઇસ્માઇલીયતની માન્યતા તથા કુરાની હિકમત મુજબ જમાતખાનુ સવાબની જગ્યા અને શાંતિનું સ્થાન છે. આનો અર્થ એ છે કે દીનની સઘળી આજ્ઞાઓ તથા બંધન (મનાઇઓ)નો એકંદર સવાબ જમાતખાનામાં કેન્દ્રીત છે. અને રૂહાની શાંતિ અને સંતોષ પણ તેમાંજ છે, કેમકે જમાતના આ દીની ઘરને બેવડો ગૂણ પ્રાપ્ત છે કે તે જો એક તરફથી ખાના-એ-કાબાનું પ્રતિનિધિ છે તો બીજી તરફથી તે બરહક ઇમામનું પ્રતિક છે, જ્યારે કે ઇમામ અલૈહીસ્સલામે ઇલાહી ઇચ્છા મુજબ પોતાના વ્યક્તિત્વ અને જાહેરી અને બાતિની નિકટતાની જગ્યા જમાતખાનું દીધેલ છે. આમ પ્રથમ તબક્કે જમાતખાનાના માટે આજ 'મુકામે ઇબ્રાહીમી' અર્થાત ઇબ્રાહીમનું સ્થાન છે.

(૯) સુરહ આલે ઇમરાન (૩:૯૬) માં રબ્બે ઇઝઝતનું ફરમાન છે "બેશક, તે ઘર કે જે સૌથી પહેલાં લોકોના માટે નક્કી કરવામાં આવ્યું તે એ ઘર છે કે જે મક્કામાં છે જેની સ્થિતિ એ છે કે તે બરકતવાળું છે અને સઘળી દુનિયાવાળાઓના માટે માર્ગદર્શક છે" આ મુબારક આયતમાં કેટલાંય હિકમત ભરેલાં ઇશારાઓ છે જેમનામાંનો એક ઇશારો એ છે કે "અવ્વલ" (પ્રથમ) કે જે ક્રમાંક (ORDINALS) નો પાયો છે અને તેની જરૂરિયાત સદાય એ હોય છે કે અવ્વલ એટલે કે પહેલાંના પછી બીજા, ત્રીજા, ચોથા, પાંચમા વિગેરે પણ હોય એનો સાર એ છે કે જો કે લોકોનું સર્વપ્રથમ અને કેન્દ્રીય ઘર મક્કામાં છે તેમ છતાં નબુવ્વતના સમયમાં તથા ઇમામતના વખતમાં સામાન્ય કક્ષા ધરાવતા તથા સ્થાનિક રીતે ઘણા બધા ઘરો (જમાતખાનાઓ) હશે.

બીજો ઈશારો એ છે કે જે રીતે લોકોના માટે સર્વપ્રથમ દીની ઘર મક્કામાં નિયુકત થયું, તે જ રીતે અવ્વલ ઈમામ (મૌલા અલી અ.સ.) પણ મક્કામાં નિયુકત થયા કે જેઓ લોકોના માટે નૂરાનીયત અને રૂહાનીયતનું ઘર છે, જેમાં તે લોકોના માટે બરકતો અને હિદાયતો છે કે જેઓ વ્યક્તિગત જગત બની જાય છે.

ત્રીજો ઈશારો એ છે કે "બકકહ"નો એક અર્થ બોલતી વખતે અથવા રટણ કરતી વેળાએ ગીરીયા વ ઝારી નો પણ થાય છે અને તેનો તાવીલી સાર એમ છે કે લોકોના માટે સર્વપ્રથમ રૂહાનીયતનું ઘર ઈશ્કે મૌલાના ચમકદાર, ઝળહળતા અશ્રુઓથી બનાવવામાં આવે છે કે જે દીલવાળાઓ એટલેકે મૌલાથી ઈશ્ક કરનારાઓના માટે બરકતો અને હિદાયતોથી ભરપૂર છે.

ચોથો ઈશારો એ છે કે ખાનાએ કાબા, ઈમામ (અ.સ.) અને જમાતખાનુ જો એક તરફ ખુદાના ઘર છે તો બીજી તરફથી લોકોના ઘર છે, કેમકે આ પાક ઘરોમાં જે બરકતો અને હિદાયતો છે તે લોકોના માટે છે અને તેમનું ખુદાતઆલાથી મળી જવું અથવા સંબંધિત થઈ જવું તે એ કારણે છે કે તે (ખુદા તઆલાની) ખાસ મીલ્કત છે.

**(૧૦)** સુરહ નૂરમાં ફરમાવવામાં આવ્યું છે કે "(તે નૂર) એવા ઘરોમાં પ્રગટે છે કે જેના સંબંધે ખુદાએ આજ્ઞા આપેલી છે કે તે (ઘરો)નું સન્માન કરવામાં આવે તેમાં તેનું નામ લેવામાં આવે જેમાં સવાર સાંજ લોકો તેની તસ્બીહ પઢે છે." (૨૪:૩૬) આ ઘરોનો હેતુ અથવા આ ઘરોનો ઉલ્લેખ કરવાનો અર્થ છે પાક પવીત્ર ઈમામો સલ્વાતુલ્લાહ અલૈહીમ. વળી આ ઘરો જમાતખાના છે કે જેમાં નૂરે ખુદાવંદીનો દીવો પ્રકાશિત થાય છે જેનો અનુભવ તથા તેની ઓળખ ચોક્કસ છે.

**(૧૧)** ખાનાએ કાબા જાહેરી પ્રતિક, ઉપમા અને નમૂનો છે, તે કુરાની આયતોનો કે જેની તાવીલી હિકમતનો સંબંધ ખુદાતઆલાના જીવંત ઘર એટલે કે ઈમામ અલૈહિસ્સલામથી છે અને ઈમામની ઓળખાણ કે જે અતીશય જરૂરી છે તે ઈતાઅત તથા ફરમાબરદારીનું સ્થાન જમાતખાનુ છે કેમકે તે સવાબની જગ્યા તથા અમન (શાંતિ)નું સ્થળ છે.

જેમ દરેક વસ્તુની રૂહ હોય છે તેજ રીતે જમાનખાનાની એક મહાન રૂહ છે જે ઇમામે ઝમાન (અ.સ.)ની રૂહ એટલેકે નૂર છે, જેમાં જમાની રૂહ જીવંત થઇ જાય છે. જો તમો વિશ્વાસ કરો છો કે જમાતખાનામાં ઇમામે બરહક (અ.સ.) નું નૂર મૌજૂદ છે તો એ પણ જાણી લ્યો કે તેજ નૂર અલ્લાહ તઆલાનું જીવંત ઘર છે. જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે તમારા માટે તો ઇબ્રાહીમ તથા તેના સાથીઓના (કાર્ય તથા વાણી)નો સારો નમૂનો મોજૂદ છે. (૬૦/૪) આ રબ્બાની શિક્ષણ મારફત ચોક્કસપણે એ જણાઇ આવે છે કે આમ તો જાહેરીમાં હઝરત ઇબ્રાહીમ (અ.સ.)ની સાથે ઘણા લોકો હતા, પણ જે લોકો બાતિનમાં તેવણની સાથે હતા તેઓ તેવણની ફરમાબરદારીમાં ઉચ્ચ દરજ્જા ઉપર પહોંચી ગયા હતા. જો આમ ન હોત તો તેઓના સારાં ચારીત્ર્યો (તેઓના સદ્દવર્તન) હઝરત ઇબ્રાહીમના સદ્દવર્તનથી મળત નહીં. હવે પૂછવાનું એ છે કે એવાં લોકો કોણ હતા અથવા તો કોણ છે? તે છે આલે ઇબ્રાહીમ (અ.સ.) એટલેકે અંબીયાઓ અને ઇમામો અલૈહીસ્સલામ જેમનું જાહેર થવું જનાબે ખલીલુલ્લાહ (અ.સ.)ના માટે ખૂબજ જરૂરી હતું. (૨: ૧૨૪) અને મહેરબાન ખુદાએ આલે ઇબ્રાહીમને સર્વે કાંઇ દઇ દીધું હતું. (૪:૫૪)

તેથીજ હઝરત મહમદ પયગમ્બર સલ્લલાહો અલૈહી વઆલેહી વસ્સલમે ખુદાના હુકમથી હઝરત ઇબ્રાહીમ (અ.સ.)નું અનુસરણ કરતાં, ન ફકત ખાનાએ કાબને કીબલો બનાવ્યો પરંતુ તેની સાથે સાથે સ્થાનિક રીતે પણ ખુદાનું એક ઘર (મસ્જીદ) બનાવ્યું અને પવિત્ર ઇમામોએ પણ પોતપોતાના સમયમાં મસ્જીદ કે જમાતખાનાના નામથી અલ્લાહના એવા ઘરો બનાવ્યા.

**(૧૨)** સુરહ કસસ (૨૮:૫૭)માં ફરમાવવામાં આવ્યું છે કે "શું અમોએ તેઓને એવા અમનો અમાનવાળા પવીત્ર હરમમાં જગ્યા નથી આપી કે જ્યાં દરેક પ્રકારના ફળ ખેંચાતા ચાલ્યા આવે છે, જે અમારા તરફથી ખાવા માટે મળે છે. પરંતુ તેઓ માંહેના ઘણા લોકો નથી જાણતા." જો તમો ધ્યાનથી વિચારી જુઓ તો સ્પષ્ટ રીતે જણાઇ આવશે કે ***"સમરાતુ કુલ્લ શૈઇન"*** અર્થાત સઘળી વસ્તુઓના જાહેરી મેવા (ફળો) કયાંય પણ પોતેપોતેજ ખેંચાઇને નથી આવી શકતા, પરંતુ આ હકીકત છે કે પયગમ્બર

(અ.સ.) તથા ઇમામ સલ્વાતુલ્લાહ અલૈહીમા, જે જગ્યાને ઇબાદતના માટે નિયુકત કરે ત્યાં દરેક વસ્તુઓના રૂહાની મેવાઓ ખેંચાઇને પોતેપોતેજ આવતા રહે છે. અને આજ રૂહાની મોઅજીઝાઓ જમાતખાનાના સંબંધે છે.

જ્યારે કુરાને હકીમે કહ્યું કે **"સમરાતુ કુલ્લ શૈઇન"** (સઘળી વસ્તુઓના મેવા) તો આ ખુદાવંદી બોલ પ્રમાણે, ખનીજ-પત્થર, વનસ્પતી, હેવાન તથા ઇન્સાન દરેકેદરેક એક વૃક્ષ જેવા ગણાય કે જેથી તેઓમાંના પ્રત્યેકનું ફળ ખાનાએ ખુદા તરફ આવે. પણ આ ફકત અને ફકત રૂહાની સ્વરૂપે શકય છે. અને જમાતખાનુ તે સ્થાન છે કે જ્યાં ઇમામે ઝમાન (અ.સ.)ની મહાનમરતબાધારી રૂહ (એટલેકે નૂર) કાર્ય કરે છે, જેના તરફ દુનિયાભરની વસ્તુઓની રૂહો ખેંચાઇ આવે છે. જેમકે ઇમામે મુબીનમાં કાયનાતની સર્વ વસ્તુઓ સમાઇ જાય છે. (૩૬:૧૨). આમ હકીકી મોમીન માટે જમાતખાના સંબંધે આ રોશન દલીલો પુરતી છે.

***નસીરૂદ્દીન નસીર હુંઝાઇ***

*૧૦ ડિસેમ્બર ૧૯૮૪*

# ખુદાનું ઘર - જમાતખાનું

## (ભાગ બીજો)

(૧) એ સચ્ચાઈમાં કોઈ શંકા નથી કે ખાનાએ ખુદા ખાનાએ જમાત છે. અને ન તો એ વાતમાં કોઈ શંકા છે કે જે રીતે દીનનું કેન્દ્રસ્થળ (ઘર) ખાનાએ કાબા છે તેજ રીતે સ્થાનિક ઘર જમાતખાનું છે. અને આ વહીવટ તદ્દન અલ્લાહ તઆલાની સુન્નત (આદત) તથા કુદરતના કાયદાના મુજબ છે કે સદાય રહેમતો અને બરકતોનું સ્થાન જાહેરી રીતે તથા બાતીની રીતે બંદાની વધુ નજિક કરી દેવામાં આવે છે. જેમ હઝરત આદમ અલૈહીસ્સલામના દુનિયામાં આવવાની સાથે સાથે તેવણ (અ.સ.) તથા તેવણની ઔલાદના માટે અહીં ખાનાએ ખુદાનું ચણતર કરવામાં આવ્યુ, જે આ ધરતી ઉપર અર્શે અઝીમનો દરજજો રાખે છે, કેમકે ખુદાના અર્શ (તખ્ત)નો જે સાર છે એજ સાર ખુદાના ઘરનો પણ છે. અને જેને હઝરત રસુલૂલ્લાહ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમે હીજરત પછી મદીના મુનવ્વરામાં અલ્લાહ પાકનું એક બીજું ઘર બનાવ્યું, જેને આપણે પ્રથમ મસ્જીદ પણ કહી શકીએ છીએ તથા સર્વપ્રથમ જમાતખાનુ પણ, કેમકે મૂળમાં આ બન્નેનું સ્વરૂપ તથા હકીકત એકજ છે. બહરહાલ તે ખુદાના કદીમ (હંમેશના) ઘરનું કામચલાઉ ઘર હતું. આનો એ અર્થ થયો કે ખાનાએ કાબાને અર્શે અઝીમનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત છે અને જમાતખાનાને કાબા શરીફનું પ્રતિનિધિત્વ.

(૨) તમો એ સત્યથી જાણકાર છો કે ઈસ્લામમાં તકવા (પરહેઝગારી)નું ઘણુંજ મહત્વ છે. કેમકે તકવા એ સઘળી ઈબાદતોની જાન

છે. અને એ હેનૂને પામવાના માટે ઘણું બધું કરવું પડે છે. પરંનુ શાઈરીલ્લાહ એટલે કે ખુદાની નીશાનીઓની અને રહેમનની શાન જુઓ કે તેની શીસ્ત જાળવવા અને અદબ કરવા થકી હૃદય-દીલની પરહેઝગારીનો અમલ બની જાય છે. (૨૨:૩૨) ઈમામેઝમાન સલ્વાતુલ્લાહ અલૈહી વસલ્લમ, કે જે કુરાને નાતિક છે, તેઓનું પાક અને પવિત્ર વ્યક્તિત્વ તથા જમાતખાનું શાઈરીલ્લાહ (ખુદાની નીશાનીઓ)માંથી છે, તેથી તેની શીસ્ત જાળવવી એ દીલની પરહેઝગારીનું પરિણામ પણ છે અને દરજ્જો પણ, કેમકે તેમાંથી એક ખુદાનું બાતિની ઘર છે અને બીજું જાહેરી ઘર.

(૩) સુરહ હજ્જના (૨૨:૨૬) એક ફરમાનનો તાવીલી સાર એ છે કે "ખુદાતઆલાએ હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ને બૈતુલ્લાહ ગણાવ્યો હતો કે જેથી આ મરતબાની રૂહાનીયત અને નૂરાનીયતમાં તૌહીદ (અલ્લાહ એક છે)ની મારફત (ઓળખાણ) પ્રાપ્ત થાય, અને ખુદાની સાથે કોઈ વસ્તુને શરીક કરવામાં ન આવે. રબ્બુલ ઈઝઝતે તેવણ નામદાર (અ.સ.)ને એ પણ આજ્ઞા આપી હતી કે તેઓ અલ્લાહના જીવંત ઘરની સિદ્ધાંતિક રૂહાની અને અકલી પાકીઝગી કરે કે જેથી તેમાં ત્રણ પ્રકારના ફરીશ્તાઓ આવી જાય અને તે છે તવાફ કરનાર (ચો તરફ ફરનારા) કયામ અથવા એતકાફ કરનારા (શાંતચિત્તે બેસીને ધ્યાન ધરનારા) અને સીજદો કરનારા.

(૪) પયગમ્બર તથા ઈમામના પવિત્ર વ્યકિતત્વમાં રૂહાની મસ્જીદ અને નૂરાની જમાતખાનું હોવાનો ખુદાઈ કાયદો સદાથી ચાલતો આવ્યો છે, જેમ હઝરત નૂહ અલૈહિસ્સલામે આ નૂરાનીયતના ઘરને "બૈતી" એટલેકે મારૂં ઘર (૭૧:૨૮) કહ્યું અને મોમીનોમાંથી જે વ્યકિતઓ આમાં દાખલ થઈ ચૂકયા હતા, તેઓ "એહલેબૈત" (એટલે કે ઘરવાળાઓ) કહેવાતા હતા. તે કુરાનનો ઈરશાદ આમ છે. ***"રબ્બગફીરલી વ લી વાલીદીય્યી વ લી મન દખલ બૈતી મોમીનંવ્વ વ લીલ મોમીનીન વલ મોમીનાતી..."*** (૭૧:૨૮) "ઓ મારા પરવરદિગાર! મને અને મારાં મા-બાપને તથા જેઓ ઈમાનની કમાલીયતની હાલતમાં મારાં (રૂહાની) ઘરમાં દાખલ થઈ ગયા છે તેઓને તથા સઘળા ઈમાનદાર મુસલમાન પુરૂષો તથા સ્ત્રીઓને માફ કરી દે. તમો જુઓ છો કે હઝરત નુહ (અ.સ.)ની

આ હિકમત સભર દુઆમાં ઈમાનવાળાઓ બે દરજ્જાઓમાં અર્થાત અમુક મોમીનો ઈમાનની કમાલીયતના કારણે તેવણ (અ.સ.)ના નુરાનીયતના ઘર (એટલેકે ખુદાના ઘર)માં દાખલ થઈ ચૂકયા છે, અને ઘણા મોમીનો તથા મોમીનાતો હજી સુધી તે દરજ્જામાં દાખલ નથી થઈ શકયા.

(૫) ખુદાના પયગમ્બર સલ્લલાહો અલૈહી વ આલેહી વસલ્લમ પોતાના સમયમાં ખુદાતઆલાનું જીવંત ઘર (૨:૨૬) તથા નૂરાનીયતથી ભરપૂર ચમત્કારિક જમાતખાનું હતા. જેમ સુરહ અહઝાબ (33:33)માં ફરમાવવામાં આવ્યું છે "અલ્લાહતઆલા એ ઈચ્છે છે કે ઓ (નૂરાનીયતના) ઘરવાળાઓ તમારાથી અપવીત્રતાને દૂર રાખે અને તમોને (દરેક રીતે, જાહેરી તથા બાતિની) પાક અને સાફ રાખે. આ પવીત્ર ઘર નબુવ્વત તથા ઈમામતનું નૂર હતું, અને એહલેબૈત (ઘરવાળાઓ) પંજતન પાક હતા, એટલે કે હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.સ.), હઝરત અલી મુર્તઝા (અ.સ.), હઝરત ફાતીમા ઝોહરા (અ.સ.), હઝરત હસને મુજતબા તથા હઝરત હુસૈન સૈય્યદુશોહદા સલ્વાતુલ્લાહ અલૈહીમ. એજ નુરાનીયતનું ઘર, અલ્લાહ તઆલાનું બોલવાવાળું ઘર અને અકલી તથા રૂહાની જમાતખાનું છે, અને એજ તે હિકમતનું ઘર છે, જેના વિશે હઝરત પયગમ્બર સાહેબે ફરમાવ્યું કે "હું હિકમતનું ઘર છું અને અલી (અ.સ.) તેનો દરવાજો છે." આમ આ તેજ મુબારક અને પવીત્ર ઘર છે જેમાં કુરાનની આયત (૨૪:૩૫) મુજબ નૂરે ખુદાવંદીનો દીવો પ્રકાશિત છે.

(૬) અત્રે સંબંધિત હકીકતને મધૂર રીતે રજૂ કરવાના આશયથી એવો સવાલ કરવામાં આવે છે કે "સીરાતે મુસ્તકીમ કોનો છે? શું એ ખુદાનો છે અથવા અંબીયા નો? શું આ રસ્તો હઝરત મહમદ પયગમ્બર (સ.અ.સ.)નો છે કે ઈમામ (અ.સ.)નો? શું આ (રસ્તો) મોમીનોના માટે નથી?" આનો જવાબ એમ છે કે સીધો રસ્તો સૌથી પ્રથમ તો પાક અને સૌથી મહાન ખુદાનો છે કેમકે સીધા રસ્તાનો છેડો (મંઝીલે મકસૂદ) તેજ છે, એટલે કે સૌને તેના (ખુદાના)જ ખાનાએ નૂર એટલેકે નૂરના ઘરમાં જવાનું છે (૨:૧૫૬, ૪૨:૫૩) વળી સીધો રસ્તો સઘળા અંબીયાઓ અલૈહિમુસ્સલામનો છે, કેમકે તેવણ માનવંત સાહેબો તે રસ્તા ઉપર લોકોના માટે માર્ગદર્શક હતા (૪:૬૮, ૧:૭). આ સીધો રસ્તો, છેલ્લા

ઝમાનાના પયગમ્બર સલ્લલ્લાહો અલૈહી વસલ્લમનો છે, એ માટે કે તેઓ માનવંત રસુલોના સરદાર છે (૧૨:૧૦૮) વળી આ રસ્તો ઊચ્ચત્તમ મુકામવાળા ઈમામો અલૈહીમુસ્સલામનો છે, કેમકે તેઓ બરહક હાદી અર્થાત સાચા હીદાયત કરનારા છે (૧૩:૭), અને એ પણ સત્ય છે કે સીરાતે મુસ્તકીમ મોમીનોની હીદાયતના માટે બનાવવામાં આવેલ છે (૪:૧૧૫). બીલ્કુલ એજ રીતે, તે અતીશય પાક અને પવીત્ર ઘર કે જે રબ્બુલ ઈઝઝતનું ઘર છે, તે ઉપર ઉલ્લેખાયેલ સઘળા દરજ્જાઓનું છે. જોકે ખુદાની બેમીસાલ હસ્તી મકાન અને લામકાનથી બેનીયાઝ અને ઉપરવટ છે પરંતુ તેની વહેદાનીયત (તેના એક હોવા)ની મારફત એટલે ઓળખાણ ખાનાએ નુરાનીયતથી બહાર રહીને મેળવી શકાતી નથી (૨૪:૩૫) આ ઘર કે જે રહેમતો અને બરકતોથી ભરપૂર અને મારફતના નૂરથી ઝગમગતું છે, તે અંબીયાઓ તથા ઈમામો અલૈહીમુસ્સલામનું નૂર છે (૨૪:૩૬) અને એજ નૂરથી ભરેલું ઘર મોમીન મરદો તથા મોમીન ઓરતોનું પણ છે (ત્યારે) કે જ્યારે તેઓ પૂરેપૂરી રીતે તેમનું અનુસરણ કરે છે –(ફરમાન બરદારી કરે છે) (૬૬:૮, ૫૭:૧૨).

(૭) આ કુદરતનો નીયમ છે કે દરેક વસ્તુ આરંભમાં એક મર્યાદિત સાંચામાં બને છે. તેના સિવાય કોઈ પણ વસ્તુનું અસ્તિત્વમાં આવવું અશકય છે. વૃક્ષોના ફળ છીલટા વગર અને અંદરનો ગરભ (મગજ) ગોટલી વગર નથી બની શકતા અને જે રીતે માનવીનું અસ્તીત્વ તથા ચહેરો તેની માતાના ઉદરમાં (બચ્ચાદાનીમાં)થી બહાર બની નથી શકતો અને બીજી તરફથી તમો એ પણ જુઓ છો કે અમુક વસ્તુઓ કોઈ બીબા કે સાંચા વગર વિખરાયેલી છે, જેમ ચાર તત્વો એટલે કે માટી, પાણી, હવા અને અગ્ની. તો ખુદાના હુકમથી રસુલુલ્લાહ (સ.અ.સ.) અને સાહેબે અમ્રે અલ્લાહ તબારક વ તઆલાનું એક સ્થાનિક ઘર બનાવી દીધું, કે જેથી (એજ બીબામાં) એજ સાંચામાં ઢળાઈને દરેક મુરીદ હકીકતમાં મોમીન કહેવાય અને તેનો એક ઈમાની તથા રૂહાની ચહેરો બની જાય.

(૮) જ્યાં રહેમતે કુલ એટલે કે સર્વવ્યાપક ખુદાની રહેમતના નીયમ મુજબ એ શકય છે કે અર્શેઅઝીમનો એક નમૂનો, ખાનાએ કાબાના સ્વરૂપમાં ધરતી પર ઉતારવામાં આવે, પછી તોફાનના ઝમાનામાં ચોથા

આસમાન ઉપર ઉપાડી લેવામાં આવે. પછી હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના સમયમાં ધરતી ઉપર તેનું નવેશીરેથી ચણતર થઇ શકતું હોય અને પછી નબુવ્વતના વખતમાં જ્યાં સ્થાનિક રીતે પણ ખુદાનું એક ઘર બનાવી શકાતું હોય તો ત્યાં એ પણ શકય છે કે જમાતખાનુ, મહેરબાન ખુદાના જાહેરી ઘર એટલેકે કાબાશરીફ અને બાતીની ઘર (ઈમામ)નું હકીકી પ્રતિનિધિત્વ કરે અને એ વાત હક તથા હકીકત છે અને તેમાં રજ જેટલી પણ શંકા નથી.

(૯) જમાતખાના ત્રણ છે : પહેલું આલમી જમાતખાનું (વિશ્વ વ્યાપી) કે જે ઈમામે ઝમાન સલ્વાતુલ્લાહ અલૈહીની મુબારક હસ્તી છે. બીજું સ્થાનિક જમાતખાનું કે જે શહેર અથવા કસબા કે ગામ અથવા મોહલ્લાનું જમાતખાનું છે અને ત્રીજું વ્યક્તિગત જમાતખાનું કે જે મોમીન બંદાનું દિલ છે. પણ આ ત્રણેમાં રહેલી સંબંધિત હિકમત સ્થાનિક જમાતખાનામાં છે કેમકે ત્યાંજ ધીરેધીરે રૂહાની પ્રગતિ થાય છે અને દિલના જમાતખાનાનો દરવાજો ખુલી જાય છે પછી તે ઈમાનના નૂરથી પ્રકાશિત થઇ જાય છે અને તેમાંજ પવીત્ર ઈમામના દીદાર થાય છે જે નૂરાનીયતનું હકીકી જમાતખાનું છે.

(૧૦) સુરહ યુનુસ (૧૦:૮૭)માં અલ્લાહ તબારક વ તઆલાનું ફરમાન છે કે "અને અમોએ મુસા અને તેના ભાઇ (હારૂન)ની પાસે વહી મોકલી કે મિસરમાં તમારી કોમના માટે ઘર બનાવો અને પોતપોતાના ઘરોનેજ મસ્જીદ તરીકે ગણાવીને નીયમિત રીતે નમાઝ પઢો અને મોમીનોને ખુશખબરી આપી દયો. દરેક એવા શહેરને મિસર કહેવામાં આવે છે જેની ચોતરફ રક્ષણની દીવાલ હોય. આનો હેતુ છે રૂહાનીયતનું શહેર, કેમકે તેની આજુબાજુ- ચારે તરફ રક્ષણની દીવાલ છે બલ્કે તેનો એક દરવાજો પણ છે, આમ આ હિકમત ભરેલી આયતમાં વ્યક્તિગત જમાતખાનાઓની રૂહાની પ્રગતિનો ઉલ્લેખ ફરમાવેલો છે, અર્થાત પાક અલ્લાહે પયગમ્બર અને ઈમામ અલૈહીમા અસ્સલામને આજ્ઞા આપી કે તેઓ પોતાની કોમના હદૂદે દીનના માટે રૂહાનીયતના શહેરમાં ઘર બનાવે અને તે ઘરોને ખુદાના ઘરનો દરજ્જો આપીને દાવતેહકનું કામ કરે અને આવા ઉપર જવા અને પ્રગતિ કરવા

થકી મોમીનોને અમલી રીતે ખુશખબરી દયે.

(૧૧) સુરહ તૌબા (૯:૧૮)માં ફરમાવેલું છે કે "ખુદાની મસ્જીદોને બસ ફકત તેજ શખ્સ (જઈને) આબાદ કરી શકે છે કે જે ખુદા અને આખેરતના દિવસ ઉપર ઈમાન લાવે અને નમાઝ પઢતો રહે તથા ઝકાત દેતો રહે અને ખુદાના સિવાય (અન્ય) કોઈથી ન ડરે તો બહુજ જલ્દી એજ લોકો હીદાયત પામેલાં લોકોમાંથી હશે. અત્રે આવેલ "મસાજીદલ્લાહી"ના માટે જો કહેવામાં આવે કે તેનો ઈશારો દુનિયાભરના જમાતખાનાઓ અથવા મસ્જીદો તરફ છે, તો પછી એકજ શખ્સ તે સઘળાઓની આબાદીમાં કઈ રીતે ભાગ લઈ શકે છે ? સ્પષ્ટ છે કે આ વાત તો શકય નથી. માટે આ ફરમાન તાવીલી હિકમત તલબ છે, અને હિકમત એ છે કે ખુદાની મસ્જીદો અથવા જમાતખાનાઓ ત્રણ દરજ્જાઓમાં છે, જેમકે ઉપર (૯)માં જણાવેલું છે. વિશ્વવ્યાપી જમાતખાનું (અર્થાત ઝમાનાના ઈમામ) સ્થાનિક જમાતખાનું અને દિલનું જમાતખાનું. અને આ ત્રણેને એક સાથે ફકત તેજ શખ્સ પોતાની હાજરી વડે આબાદ કરી શકે છે કે જે ખુદા તથા યૌમે આખીર (ઈમામ અ.સ.) ઉપર ઈમાન લાવે તથા નમાઝ કાયમ કરે એટલે કે દાવતનું કામ કરે અને જાહેર તથા બાતિની ઝકાત દેતો રહે.

જ્યારે મોમીન બંદો વિશ્વાસ અને પ્રેમથી સંબંધિત જમાતખાનામાં જઈને અલ્લાહતઆલાની બંદગી કરે છે, તો આ હિકમત ભરેલા અમલને લીધે ન ફકત જમાતખાનું આબાદ થાય છે પરંતુ તેની સાથે સાથે વ્યક્તિગત અને વિશ્વવ્યાપી જમાતખાનું પણ આબાદ થાય છે, કેમકે ખુદાતઆલાના આ ત્રણે ઘરો એકબીજાથી સંબંધિત અને એકબીજાથી મળેલા છે, કારણકે મોમીન જમાતખાનાથી સંબંધ રાખે છે અને ઈમામે ઝમાન સલ્વાતુલ્લાહ અલૈહી જમાતખાનાની રૂહ છે તે ઉપરાંત એ પણ એક હકીકત છે કે જે મોમીન જમાતખાના ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે તેની રૂહના કણોમાંથી એક ખાસ કણ સદાય બરહક ઈમામ (અ.સ.)ની મુબારક તથા પવીત્ર વ્યક્તિત્વની સેવામાં રહે છે. તમો રૂહની હકીકત વિષે શોધ કરી શકો છો અને રૂહની કણો સંબંધે લેખોનો અભ્યાસ પણ કરી શકો છો કે જેથી રૂહના બસીત (ફેલાએલા) તથા સર્વવ્યાપક

હોવાની સ્થિતિ જણાઇ શકે.

(૧૨) ફરમાવવામાં આવેલું છે કે "મોમીનનું દિલ અલ્લાહતઆલાનું અર્શ (સિંહાસન) છે." પણ અત્રે પૂછવાની તથા જાણવાની જરૂરત છે કે આ વાતની હકીકત શું છે ? કેમકે શબ્દ "મોમીન" તો ઘણા લોકોને લાગુ પડે છે પણ "અર્શ"ની કલ્પના ઘણીજ ઊંચી છે માટે તમો આ હિકમતને ઘણીજ ખૂબી સાથે દિલમાં ઊતારી લ્યો કે મોમીનનું દિલ ઇમામે ઝમાન સલ્વાતુલ્લાહ અલૈહી છે, અને તેજ પવીત્ર હસ્તીમાં ખુદાનું નૂર જલ્વાગર છે. જેમકે કુરાને હકીમમાં ફરમાવેલું છે કે "અને જાણી લ્યો કે અલ્લાહતઆલા મનુષ્ય તથા તેના દિલ વચ્ચે આડો આવી જાય છે" (૮/૨૪) અર્થાત હકીકી જ્ઞાનના પ્રકાશમાં તમે આ કસોટીના નિયમને જાણી લ્યો કે માનવી અને તેના દિલ (એટલે કે ઇમામે ઝમાન)ની વચ્ચે ખુદા શા માટે આડો આવી જાય છે ? ચોક્કસપણે તેમાં હિકમત ભરેલો ઇશારો અને સફળતાનું રહસ્ય બસ એજ છે કે તે દરેક શખ્સ પોતાના હકીકી દિલની સાથે અલ્લાહની પાસે રજુ થાય છે, તે પાછો ફરીને ત્યાંથી આગળ વધે જ્યાં તેનું દિલ છે. આ ઉપરથી સ્પષ્ટ થયું કે હકીકતમાં દિલનું જમાતખાનું પણ ઇમામે ઝમાન છે.

***વમા તૌફિકી ઇલ્લા બિલ્લાહ.***

***—નસીરૂદ્દીન નસીર હુંઝાઇ***

૨૦ ડીસેમ્બર ૧૯૮૪.

ISW IS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# જમાતખાના સંબંધે સવાલો

સવાલ ૧ : બુઝુર્ગવાર અલ્લામા સહેબ ! શું તમો મહેરબાની કરીને ઉત્તર વિસ્તારમાં જમાતખાના વિષે કશું જણાવશો કે ત્યાં આ કયારે બાંધવામાં આવ્યા ? શું તે વિષે ઈમામે ઝમાન સલ્વાતુલ્લાહ અલૈહીનું કોઈ સીધું ફરમાન હતું કે પછી કોઈ બુઝુર્ગ (પ્રતિનિધિ) મારફત આ હુકમ મળ્યો હતો ?

જવાબ : *આજથી લગભગ ૭૨ વર્ષ અગાઉ, આપણા દેશના ઉત્તર વિસ્તારમાં જમાતખાના બંધાવા લાગ્યા હતા, અને આ પવીત્ર કામનો હુકમ હઝરત આગા અબ્દુસ્સમદ શાહના મારફત મળ્યો હતો અને મૌલાએ પાકના આ હિકમત ભરેલાં ફરમાન ઉપર જમાતોએ દિલોજાનથી અમલ કર્યો.*

સવાલ ૨ : ઉત્તર વિસ્તારમાં અત્યારે કુલ કેટલા જમાતખાનાઓ છે ?

જવાબ : *આ વાત ૧૯૭૩ની છે કે જ્યારે હું ઈસ્માઈલીયા એસોસીએશનની ગીલગીટ બ્રાંચનો ઈન્ચાર્જ ઓફીસર હતો. તે વખતે મેં સઘળા જમાતખાનાઓનું સર્વે અને ગણત્રી કરાવેલ, જે મુજબ ત્યાંના કુલ જમાતખાનાઓ લગભગ ૩૦૦ હતા, જેમાં ઈસ્માઈલી ફોજીઓના કામચલાઉ જમાતખાનાઓ પણ શામેલ છે.*

સવાલ ૩ : શું તમોએ રૂહાની રોશની નિહાળી છે ? જો નિહાળી છે તો કયારે અને કયાં ? જમાતખાનાઓમાં કે તેનાથી બહાર ?



ISW
Institute for Spiritual Wisdom and Luminous Science

જવાબ : અલ્હમ્દોલિલ્લાહ આ અદના સેવકને આ સદ્‌ભાગ્ય સાંપડેલું છે. આ ૧૯૪૮ના પાનખર ઋતુના દિવસો હતા અને કરાચી ખારાધરના જુના જમાતખાનામાં આ નૂરાની મોઅજીઝાનો આરંભ થયો અને મંઝીલ બ મંઝીલ આનો ક્રમ વધતો ચાલ્યો, તે એટલે સુધી કે વ્યક્તિગત કયામતનો અનુભવ થયો.

સવાલ ૪ : શું તમો કુરાને શરીફથી સાબિતી પૂરી પાડી શકો છો કે જમાતખાનાની ખુબજ મોટી ફઝીલત છે અને મોટો મરતબો છે ?

જવાબ : જી હા ! ઈન્શાઅલ્લાહ ! જેમકે તમો જુઓ છો કે હું જમાતખાનાની કમાલીયતનો આશીક છું અને તેનાજ બારામાં થયેલાં અહેસાનો હેઠળ દબાયેલો છું. માટે મેં જમાતખાનાની ઊચ્ચતાના વિષયમાં સીધી કે આડકતરી રીતે ઘણુ લખ્યું છે. ટૂંકમાં એ કે ખુદાનું પહેલું ઘર ખાનાએ કાબા છે, બીજું ઘર ઈમામે ઝમાન (અ.સ.) છે કે જે બૈતુલ્લાહ શરીફની તાવીલ છે, ત્રીજું ઘર જમાતખાનું છે જેમાં વખતના ઈમામનો બાતિની દીદાર તથા નુરાની મોઅજીઝાઓ છે અને અલ્લાહતઆલાનું ચોથું ઘર મોમીન બંદાનું દિલ છે. પણ કુરાને હકીમમાં જ્યાં જ્યાં બૈતુલ્લાહ અથવા હુરમતવાળી (માનવંત) મસ્જીદ એટલે કે મસ્જીદુલ હરામના વખાણ કરવામાં આવેલ છે તે તાવીલી રીતે ઈમામે ઝમાન અલૈહીસ્સલામના વખાણ છે, જેની મારફત (જેની ઓળખાણ) જમાતખાનામાંજ થઈ શકે છે કેમકે ઈમામે ઝમાનની બાતિની મુલાકાત જમાતખાનામાં છે.

સવાલ ૫ : શું તમોએ કોઈ જમાતખાનાના બાંધકામમાં અમલી રીતે ભાગ લીધો છે ? જો લીધો છે તો કયા ઈલાકા અથવા કયા દેશમાં?

જવાબ : આ સંબંધે મને મારા બાળપણનો એક બનાવ ઘણોજ અજાયબીવાળો લાગે છે કે હું ત્રણ ચાર વર્ષનો બાળક હતો,

ISW Institute for Spiritual Wisdom and Luminous Science

જ્યારે કે અમારા ગામ હૈદ્રાબાદ (હુંઝા)માં કેન્દ્રીય જમાતખાનાનું બાંધકામ થઈ રહ્યું હતું. હું નાના નાના બાળકોની સાથે કદાચ રમી રહ્યો હતો કે કોઈ શખ્સે કહ્યું "બચ્ચાઓ ચાલો ખોળામાં ભરી ભરીને રેતી લાવો." હું ચાલ્યો અને અમુક નાના નાના બચ્ચાઓની સાથે મુઠ્ઠીભર માટી લાવવા લાગ્યો. તે વખતે મારા હાથમાં લાલરંગનું નાનું મોતી (RED CORL) હતું જેનાથી હું ઘણોજ પ્રેમ કરતો હતો, પણ મને લાગ્યું કે મારે તેને જમાતખાના ખાતર કુરબાન કરી દેવું જોઈએ, તો મેં તે મરજાન (મોતી)ને એક બેવડી દીવાલની અંદર નાખી દીધું. તે ઉંમરના પ્રમાણથી આ કામ મારા માટે એક કરામતથી ઓછું નહોતું. આગળ ચાલતાં સાચેસાચ મને જમાતખાનાથી ઈશ્ક થઈ ગયો. જેટલા પ્રમાણમાં પણ શકય હતું તેટલું જમાતખાનાઓના બાંધકામમાં ભાગ લીધો. ખાસ કરીને યારકંદ (ચીન)ના જમાતખાના એ હાલમાં બંધાવ્યા કે જ્યારે જમાતના અમુક મોટા લોકો આ કામનો સખત વિરોધ કરતા હતા. તેઓ તથા અમુક નોન ઈસ્માઈલી વિરોધીઓ વારંવાર પ્રયત્ન કરતા રહ્યા કે મને જાસૂસ ગણાવ્યો જાય. હા, તેઓ મને વારંવાર જેલ અને નઝરબંધ કરાવવામાં સફળ તો થયા પણ ગુનોહ સાબિત કરવામાં અને મારી હત્યાના હેતુમાં સફળ નહીં થયા કેમકે મારો મામલો સાફ અને પાક હતો અને હું ફકત જમાતખાનાને ચાહતો હતો.

સવાલ ૯ : જમાતખાનાના વિષે હદીસ શરીફમાં શું ફરમાવેલું છે?

જવાબ : અહીં એક હદીસ શરીફની વાત નથી પણ હદીસોમાંથી એક ખૂબજ બહોળા અર્થવાળી હદીસનું કથન રજૂ કરવામાં આવે છે.

**"મન કુન્તો મૌલાહુ ફ અલી મૌલા... વ અદરિલ હકક માઉ હૈસુ દાર."** અર્થ "જેનો હું મૌલા છું તેનો અલી મૌલા છે... ઓ અલ્લાહ તું હક્કને તેની (અલીની) સાથે ફેરવી દે જ્યાં

તે ફરે...." આનો અર્થ એ છે કે વખતનો અલી (અ.સ.), હઝ. રસુલ (સ.અ.સ.)ના ફરમાન મુજબ મોમીનોનો મૌલા અને મુખ્તાર (અખત્યારનો માલીક) છે, અને ખુદાએ હકકને તેની સાથે કરી દીધો છે. આમ જમાતખાનું ઈમામે મુબીનના હુકમથી હકક ઉપર રહેલ છે તેથી તેના અગણિત ફાયદાઓ છે કેમકે તે બૈતુલ્લાહ શરીફની તાવીલ છે.

સવાલ ૭ : શું તમોએ જમાતખાનામાં કોઈ મોટો મોઅજીઝો જોયો છે? જો જોયો છે તો કેવાં અને કયા જમાતખાનામાં?

જવાબ : મેં કરાંગુ તુગરાક (QARANGUTUGRAQ)ના મુબારક જમાતખાનામાં અતીશય મહાન રૂહાની મોઅજીઝાઓ જોયા છે. આ બરકતવંતુ ગામ યારકંદ (ચીન)માં છે. મેં આજ સુધી જે કંઈ પણ લખ્યું છે અને જે કંઈપણ કહ્યું છે તેની સઘળી ઈલ્મી તથા ઈરફાની બરકતો એજ મોઅજીઝાઓમાંથી છે કે જે આ નાચીઝ બંદા ઉપર ચીનના જમાતખાનામાં જાહેર થતાં રહ્યા હતા.

સવાલ ૮ : જમાતખાનાની મહાનતા અને ઊચ્ચત્તા ઉપર અકલી દલીલ શું હોઈ શકે છે?

જવાબ : દરેક વસ્તુનું એક હૃદય અથવા કેન્દ્ર અથવા સેન્ટર હોય છે, એજ રીતે માન્યતા (વિશ્વાસ) અને મઝહબની ઊંચાઈ તથા પ્રગતિના માટે પણ કોઈ ખાસ સ્થાન હોવું જોઈએ કે જેથી ઈન્સાનીયત તથા માણસાઈની સઘળી ખૂબીઓમાં વધારો થાય અને એકંદર રીતે ખુદાની રસ્સીને મજબૂતીથી પકડી રાખી જાય, નહીં તો મતભેદો ઊભા થવાની શકયતા છે.

સવાલ ૯ : તમો કઈ ઉમરથી જમાતખાને જવા લાગ્યા હતા ?

જવાબ : ખુદાના ફઝલ અને કરમથી હું બાળપણથી જમાતખાને જતો હતો કેમકે મને તેમ કરવામાં એક કુદરતી આકર્ષણ પેદા થઈ ગયું હતું. અમારા ગામના બુઝુર્ગ જ્યારે ખુદાની ઈબાદત તથા વખાણની તસ્બીહ પઢતા હતા, અને જ્યારે ના'ત તથા મનકબત પઢવામાં આવતી હતી, તેનાથી મને

ખુશી પ્રાપ્ત થતી હતી.

સવાલ ૧૦ : તમો શરૂશરૂમાં જમાતખાને કોની સાથે જતા હતા ?

જવાબ : *હું બાળપણમાં મારાં પિતાશ્રીની સાથે જમાતખાને જતો હતો, તેવણ દીનને ઘણાંજ ચાહનાર આશીક અને આપણા પીરના ખલીફા હતા. મને ચોક્કસપણે તેમનાથીજ દીની રૂહ મળી.*

સવાલ ૧૧ : શું તમારા ઈલાકામાં જમાતખાનાઓ સ્થપાયા પહેલાં પણ ઝીકરે જલી (મોટા અવાજે ખુદાને યાદ કરવાની ક્રિયા) તથા રાત્રી જાગરણની રસમ ચાલતી હતી.

જવાબ : *જી હા ! અમારી માન્યતા એવી છે કે ઈસ્લામ દીન કે જે કુદરતી દીન છે, તે શરીઅત, તરીકત, હકીકત, અને મારફતનો સાર છે કે જેથી દરેક શખ્સ ધીમેધીમે મારફતમાં દાખલ થઈ શકે અને તેના માટે ઝીકરે જલી, તરીકતનું એક મહત્વનું મૂળ છે માટે હકીમ પીર નાસીર ખુસરોના દાવત (પ્રચાર)ની અંદર રાત્રીજાગરણ તથા ઝીકરે જલીની રસમ ચાલી આવી છે.*

સવાલ ૧૨ : તમોએ કયા ઈલાકા અથવા કયા જમાતખાનામાં વધુથી વધુ રાત્રી જાગરણ કરેલ છે?

જવાબ : *જો કે રૂહાની મજલીસ તથા રાત્રી જાગરણની મઝહબી રસમ ઉત્તર વિસ્તારમાં ઘણીજ પહેલાંથી ચાલતી રહેલી છે, જેમાં વધારે કરીને મારી હાજરી રહેતી હતી. તેમ છતાં પારકંદની અતી ઘણી વધારે કસોટીએ મને જમાતખાનાની સાથે સંબંધિત કરીને રાત્રી જાગરણની દૌલતથી માલામાલ કરી દીધો, ત્યારેજ મને જાણ થઈ કે કેવી રીતે અંધકારની અંદર આબેહયાત છુપાયેલું છે.*

સવાલ ૧૩ : માનનીય ઉસ્તાદ! તમોએ લગભગ કેટલાં જમાતખાનાઓ જોયા છે, અને તેમાં ઈબાદત કરી છે?

જવાબ : *જો કે મારી પાસે કોઈ સંખ્યાનો રેકોર્ડ (નોંધ) નથી પરંતુ પુર્વ અને પશ્ચિમના એક હંમેશના મુસાફરની હેસીયતે મને*

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ઘણા બધા જમાતખાનાઓની ઝીયારત (દીદાર) નસીબ થઈ છે, અને પ્રત્યેક એવા સ્થાન ઉપર બરહક મઆબૂદ (સાચા ખુદાવંદ)ની કંઈક ઈબાદત કરવામાં આવી હોય તો એ ન્યામતના માટે (ખુદાનો) ઉપકાર માનવો જોઈએ અને ન કે ગર્વ લેવો જોઈએ.

સવાલ ૧૪ : તમારાં અનુભવ પ્રમાણે શું સઘળા જમાતખાનાઓ ફઝીલત (ફાયદા) અને મોઅજીઝામાં એક જેવાંજ હોય છે, કે પછી તેના દરજ્જાઓ હોય છે ? જો દરજ્જાઓ છે તો તેનું શું કારણ છે ?

જવાબ : કુરાનમાં ખુદાના ઘરને પાક-પવીત્ર રાખવાની આજ્ઞા આપેલી છે, જેથી તેમાં મોઅજીઝાવાળી રૂહો આવી જાય (૨/૧૨૫) આનો છેલ્લો ઈશારો એ છે કે જમાતખાનાવાળાઓ ઝીકર અને ઈબાદત તથા ઈલ્મ અને મારફત વડે પોતાના બાતિનને પવીત્ર કરે, કે જેથી જમાતખાનામાં પાક-પવીત્ર ઈમામના દીદાર થાય. આમ આ દ્રષ્ટિએ જમાતખાનાઓના જુદા જુદા દરજ્જાઓ થઈ શકે છે.

સવાલ ૧૫ : તમારાં લખાણો દ્વારા જમાતખાનાઓમાં મોઅજીઝાઓનો ઈશારો મળે છે, માટે તમોથી પૂછવું છે કે મોટાં મોટાં મોઅજીઝાઓ તમોએ કયા જમાતખાનાઓમાં જોયાં છે?

જવાબ : આ ફક્ત વ્યક્તિગત અનુભવની વાત છે કે મેં કારાન્ગુ તુઘરક (યારકંદ ચીનના) જમાતખાનામાં અતીઘણા મહાન મોઅજીઝાઓનો અનુભવ કર્યો તથા ત્યાંના જુદા જુદા કેદખાનાઓમાં પણ. જો તેની વિગતની નોંધ કરવામાં આવે તો ઘણું મોટું પુસ્તક બની શકે છે.

સવાલ ૧૬ : તમોને ઈસ્મે આઝમ ઉપર ઈબાદત કરવાની પરવાનગી કયાં અને કયારે આપવામાં આવી હતી ?

જવાબ : ૧૯૪૬નો ઝમાનો હતો જ્યારે ઈમામે આલીમુકામ હઝરત મૌલાના સુલતાન મુહમ્મદ શાહ ડાયમન્ડ જ્યુબિલીના માટે

મુંબઈ પધાર્યા હતા. તે પ્રસંગે હસનઆબાદના મુકામ ઉપર મૌલાએ પાકે ઈસ્મે આઝમના ગુપ્ત રહસ્યોમાંના રહસ્યથી મને નવાઝયો અને તે ગ્રુપને લગભગ અર્ધા કલાક સુધી અમૂલ્ય હિદાયતો આપી. તે પવીત્ર દીદારમાં મારા માટે ઘણી મોટી કયામત (જાગૃતી) છુપાયેલી હતી.

સવાલ ૧૭ : શું તમો એ બતાવશો કે જમાતખાનામાં શૈતાન આવી શકે છે કે નહિ ? આવી શકે છે તો તે કયો શૈતાન છે. ઈન્સી છે કે જીન્ની (ઈન્સાન છે કે જીન) ? વળી એ પણ બતાવો કે ખુદાના ઘરમાં શૈતાન કેવી રીતે દાખલ થઈ શકે છે ?

જવાબ : શૈતાન જમાતખાનમાં ખૂબજ આરામથી આવી શકે છે જ્યારે કે યોગ્ય રક્ષણ પ્રબંધ ન હોય. તે પછી ઈન્સાની શૈતાન હોય કે જીન હોય એકજ બાબત છે. ખુદાનું ઘર રૂહાનીયતનું સીરાતે મુસ્તકીમ છે અને શૈતાન હંમેશા એ પ્રયત્ન કરતો રહે છે કે લોકોને અહીંથી ગુમરાહ કરે. કુરાન (૭/૧૪થી૧૭)માં જોઈ લ્યો કે કઈ રીતે શૈતાનને કયામત સુધીની મહોલત (સમય) તથા આઝાદી આપવામાં આવેલ છે.

સવાલ ૧૮ : જમાતખાનાથી વધુમાં વધુ રૂહાની ફાયદો ઉપાડવા માટે શું કરવું જોઈએ અને કેવી રીતે શરતોને પૂર્ણ કરવી જોઈએ?

જવાબ : આની સૌથી ઉત્તમ રીત એ છે કે ઈમામ અલૈહીમુસ્સલામના તે સઘળા ફરમાનોનો ખૂબજ ધ્યાનપૂર્વક અભ્યાસ કરવો જોઈએ કે જે જમાતખાના સંબંધે છે, કે જેથી જમાતખાનાથી ઈશ્ક પેદા થઈ જાય. જ્યારે આ પાક ઈશ્ક થાય તો પછી દરેક મુશ્કેલીઓ આસાન થઈ જશે, કેમકે પાક ઈશ્ક નૂર છે અને નૂરમાં દરેક પ્રકારની હિદાયત મૌજૂદ હોય છે. આવી સ્થિતિમાં ઈન્શાઅલ્લાહ ખુદાના ઘરના મોઅજીઝાઓ જાહેર થશે.

સવાલ ૧૯ : શું તમો જમાતખાનાના સન્માન વિષે કંઈક નસીહત કરી શકો છો ?

જવાબ : જી હાં ! ઈન્શાઅલ્લાહ, જમાતખાનું ખાનાએ કાબાની તાવીલ છે, અને ખુદાની નીશાનીઓમાંથી છે (૨૨/૨૩) તેના સન્માન અને શીસ્તથી દિલની પરહેઝગારી બને છે અને જેના દિલમાં તકવા (પરહેઝગારી) હોય તે સફળ થઈ જાય છે.

સવાલ ૨૦ : જમાતખાના અને કાબામાં શું સંબંધ છે ?

જવાબ : તે મિસાલ છે (નમૂનો છે) અને આ મમ્સુલ (હકીકત) છે તે તન્ઝીલ છે અને આ તાવીલ છે અને તે ઝાહેર છે તથા આ બાતિન. આજ પ્રમાણે આ બેઉની વચ્ચે આસમાની સંબંધ છે.

સવાલ ૨૧ : ઈસ્માઈલી મઝહબમાં કેટલાં પ્રકારના જમાતખાનાઓ છે? અને તે કયાં કયાં છે ?

જવાબ : ત્રણ પ્રકારના જમાતખાનાઓ (ખુદાના ઘર) છે. વ્યક્તિગત જમાતખાનું એટલે કે મોમીનનું દિલ, સ્થાનિક જમાતખાનું અને વિશ્વવ્યાપી જમાતખાનું (ઈમામે ઝમાન) અને તેઓની આપસમાં એકતા છે.

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**
૨૨ ઓગષ્ટ ૧૯૯૨.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# જમાતખાનાના ફાયદાઓ તથા તેની બરકતોની દુઆ

## (ઉર્દુ કવીતાનો તરજુમો)

મોમીનને સદાય રહેમાનની રહેમત દુઆ છે
તાઅત (તાબેદારી)માં એજ કુરાનનો હેતૂ દુઆ છે
"મન અહસનુ કૌલન" દુઆને જ વખાણી છે
ખુદાએ, આમ ઈમાનની દૌલત દુઆ છે
આ સફળતાનો મેવો છે, આ ઈબાદતનું મગઝ (ગર્ભ) છે
બસ મુસલમાનની ઈમાનની પ્રાપ્તી દુઆ છે
મૌલાની તાબેદારીમાં માથું ઝુકાવી દયો સમર્પણ કરીને
સમજો કે તમોને ફરમાનનું ફળ દુઆ છે
તમે હકીકતના રસ્તામાં દુઆ થકી જ મદદ લ્યો
આ રસ્તામાં જ્યારે પ્રકાશિત દીવો દુઆ છે
જો જાન (રૂહ)માં કે શરીરમાં કોઈ બિમારી છે
દરેક દર્દ (દુ:ખ) અને બિમારીનો ઈલાજ દુઆ છે
જ્યારે ઈલાહી નૂરના જલ્વાની ઈચ્છા થાય
જુઓ કે તમારી ઓળખ કરનારી આંખો દુઆ છે
દિલની દુનિયા હકીકતના નૂરથી પ્રકાશિત છે
દિલ અને જાનને પ્રકાશ દેનાર સૂર્ય દુઆ છે
દુનિયામાં જો દુ:ખ અને શોક રહેલાં છે તો વાંધો નથી
સેંકડો શુકરાના કે રીઝવાન (ખુદાના રાજીપા)નો બગીચો દુઆ છે
જાણવા મળ્યું કે આદમ (અ.સ.)ની તૌબા દુઆ હતી
વળી નૂહ (અ.સ.)ના તોફાનનું કારણ પણ દુઆ છે

જો નમરૂદની આગ ફરી લગાડી જાય

હોય કોઈ ખલીલ હમણાં પણ, બગીચો દુઆ છે

યુનુસને દુઆએજ નજાત અપાવી છે

દરેક સમયમાં બસ ખુદાઈ રહેમત દુઆ છે

હા, ખીઝર થયો જીવંત અને અમર આ થકીજ

દુનિયામાં જીવન દેનાર ઝરણું એજ દુઆ છે

મુસાને અસા (લાઠી) અને શ્વેત કર (સફેદ હાથ)ની નીશાની

જો પ્રાપ્ત થાય તો તેનું મૂખ્ય કારણ પણ દુઆ છે

ઈસામાં જો હતો મોઅજીઝો પવીત્ર રૂહનો

તે મોઅજીઝામાં રહેલ હિકમત દુઆ છે

અહેમદ (સ.અ.સ.)જો ગારે હીરામાં એકાંતમાં રહ્યા

નબીનો હેતૂ તથા રાત્રી જાગરણનો દીવો દુઆ છે

આ જગતમાં મૌલાએ કરીમ નૂરે ઈલાહી છે

આ નૂરથી કંઈક ફાયદો મળવાની શકયતા દુઆ છે

જો ઈમામતનું નૂર ખુદાના રસ્તાનો નમૂનો છે

એ રસ્તામાં પણ વિશ્વાસનો દીવો દુઆ છે

દીલની આંખોથી આશીકે જે કંઈ જોઈ લીધું

હજારો ગણા જલ્વાઓની જાન દુઆ છે

તું સવાર સાંજ અહીં આવીને ઝીકર તથા દુઆ કર

ચારીત્ર્ય અને માન્યતાઓની આશ્રયદાતા દુઆ છે

જે રસ્તો એકતાની મંઝીલ તરફ જાય છે

મંઝીલની તરફનો સહેલો રસ્તો દુઆ છે

આ નસીરી કવિતામાં એક સત્યનો ખજાનો છે

રહેમાનના મોતીઓથી ભરેલો ખજાનો દુઆ છે

**-શવ્વાલ ૧૩૯૫, - ઓકટોબર ૧૯૭૫**

• • •

# જમાતખાનું

## (ફારસી કવીતાનો તરજુમો)

૧. બિસ્મીલ્લાહના 'બા' બાતીનના (ભંડાર)માં (અલી) વલીઅલ્લાહનું બિંદુ એક છૂપાયેલી હકીકત છે.

૨. (કેમકે) અલી (અ.સ.) ચોક્કસપણે ખુદા અને રસુલ (સ.અ.સ.)ના માર્ગ (એટલે કે સીરાતે મુસ્તકીમ)નો માર્ગદર્શક છે, તું તેના પાક દામનને ઝાલી રાખ કે જેથી છેવટે તને તારી ધારેલી મંઝીલ નસીબ થાય.

૩. તે જીન અને ઈન્સાનનો ઈમામ છે અને કયામતના વાવટા (અલહમ્દના વાવટા)નો માલિક છે. બન્ને જગતમાં (હુકમનો ધણી) સાહેબે અમ્ર તથા આ મહાન બારગાહ (ઘર)નો બાદશાહ છે.

૪. સઘળા લોકો માટે ઉદાર અને શત્રુ તથા મિત્ર માટે કૃપાળુ અને મોટા મનવાળો છે. ઊચ્ચ મુકામ ધરાવનાર અલી (અ.સ.)નાજ કારણે ભૂલો અને ગુનાહોની બક્ષીસ (માફી) મળે છે.

૫. (કેમકે અલ્લાહ તથા રસુલે (સ.અ.સ.) ઈમામ (અ.સ.)ને જ હુકમનો ધણી બનાવ્યો છે તેથી હાઝર અને નાઝર હઝરત મૌલાના ઈમામના પવીત્ર ફરમાન મુજબ જે જગ્યા ઈબાદતગાહ (જમાતખાના)નો મરતબો ધરાવે તે જગ્યાની કેટલી ઊચ્ચતા છે.

૬. જે લોકોને આલમે સફા  અર્થાત (સુક્ષ્મ જગત)થી ખાસ સંબંધ છે અને હૃદયની આંખોવાળા હોવાને કારણે હકીકતને ઓળખનારા છે, તેઓ સન્માન અને અદબથી આ બારગાહના રસ્તાની માટીને પોતાની આંખોનો સુરમો બનાવી લ્યે છે.

૭. તું દુ:ખો અને શોકના લશ્કરના શોર ગોકીરાથી શા માટે ડરે છે, મુશ્કીલકુશાના  ઘરમાં આવીજા, તારા માટે હંમેશની શાંતિ અને પનાહ (આશ્રય) છે.

૮. ઓ દીનના શહેનશાહ, ઇમામે ઝમાનના મુરીદ આવી જા, ઊચ્ચ મુકામ ધરાવનારા હઝરત ઇમામ (અ.સ.)ની ઊચ્ચ બારગાહથી જે પણ ઇચ્છે તે માગી લે.

૯. જો તું દાના (અક્કલવાળો)છે તો શરમીંદગી અને પસ્તાવાના અશ્રુઓ વડે પોતાના વહાલા રૂહના પોષાકને ધોઇલે કે જે (નાફરમાનીના મેલથી) કાળો થઇ ગયો છે.

૧૦. ઓ જાને જાન ! હવે આના પછી મારૂં હૃદય તારાં પવીત્ર ઇશ્કના માર્ગે ઉપર ચાલતું રહેશે. જો તે કયારેક માર્ગે ભૂલે તો તું પોતે તેને (મહેરબાનીથી) માર્ગે ઉપર લઇ આવજે.

૧૧. એ સત્ય છે કે ખુદાવંદ તઆલાની હુઝુરમાં મારી કોઇ બંદગી નથી સિવાય કે ઇશ્કે મૌલા અને ગીરીયા ઝારી ભરેલી દુઆના.

૧૨. ઓ મારી રૂહાની આંખોની રોશની (પોતાની નૂરાનીયતનો) પર્દો ખોલી નાખ કે જેથી અમો તારા સુંદર અને આકર્ષક ચહેરાને નીહાળી શકીએ.

૧૩. (ઓ સચ્ચાઇની ઇચ્છા રાખનારા) જો તું દુ:ખ અને શોકના અંધકારની તકલીફમાંથી છુટકારો ઇચ્છે છે તો સવાર અને સાંજ (ઇમાનની સાથે) ઝમાનાના નૂરના ઘરમાં આવતો રહે.

૧૪. એજ પવીત્ર દરવાજા ઉપર સરોસામાન વગરનો (મુફલીસ) નસીર, દરેક વેળાએ (શઇઅન લીલ્લાહની) સદા આપે છે, અને તેને દરેક બાતિની ન્યામતો હઝરતે શાહે વિલાયત (ઇમામે ઝમાન)ની મહેરબાનીથી અર્પણ કરવામાં આવે છે.

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

તરજુમો ૮–૧૨–૯૩

• • •

# સવાબની જગ્યા

## (ફારસી કવીતાનો તરજુમો)

સવાલ ૧ : (૨/૧૨૫) બતાવો કે લોકોના માટે સવાબની જગ્યા અને શાંતિનું સ્થળ કયાં છે ?

જવાબ : એવું સ્થાન તે બરકતવંતુ ખાનાએ કાબા અને તે અલ્લાહનું ઘરજ છે.

સવાલ ૨ : શું તમો મહાન કાબાની ઉપમા વિષે જાણો છો કે તે શું છે ?

જવાબ : જી હા ! એ ફઝલ તથા સવાબવાળું ઘર એટલે કે જમાતખાનું તેની ઉપમા છે કે જે આપણી સામે છે.

સવાલ ૩ : ખુદાવદે આલમનું એ કયું ઘર છે કે જે જીવંત અને બોલવાવાળું છે ?

જવાબ : ખુદવંદ તઅલાનું એવું ઘર મૌલાએ હાઝર અર્થાત ઈમામે ઝમાન સલ્વાતુલ્લાહ અલૈહીની પાક પવીત્ર હસ્તી છે કેમકે નૂરે ઈલાહી એજ તો છે.

સવાલ ૪ : અલ્લાહ પાકે, કુરાન (૪/૫૯)માં કોને ;"સાહેબે અમ્ર" ગણાવ્યો છે ?

જવાબ : ઈન્સાને કામીલને કે જે ઝમાનાનો ઈમામ અને હાદી હોય છે.

સવાલ ૫ : તમો હદીસ શરીફના પ્રકાશમાં એ બતાવો કે નબીએ અકરમ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વ સલ્લમના ઈલ્મ અને

હિકમતનો દરવાજો કોણ હતું ?

જવાબ : ખુદાની કસમ, હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના ઈલ્મ અને હિકમતનો દરવાજો મૌલા મુર્તઝાઅલીનું નૂર છે.

સવાલ ૬ : હઝરત મહમદ મુસ્તફા, રસુલે ખુદા સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમ પછી મોમીનોનો મૌલા અને આકા કોણ છે ?

જવાબ : તે હદીસની આજ્ઞાએ "મન કુન્તો મૌલાહુ...." હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના વારસદાર છે, એટલે કે હઝરત અલી અલૈહીસ્સલામ જે મમલીકતે હલઅતા (૭૬/૧–૩૧)નો માલીક છે.

સવાલ ૭ : આ દુનિયામાં તે નજાતવાળી કીશ્તી કઈ છે જેનો ઉલ્લેખ હદીસમાં કરવામાં આવેલ છે ?

જવાબ : તે પરીપૂર્ણ માનવી, ઈમામતના મરતબાનો સાહેબ, જે હઝરત મહમદ મુસ્તફા (સ.અ.સ.)ની આલ છે.

સવાલ ૮ : ખુદાતઆલાનું નૂર કે જેનો ઉલ્લેખ કુરાનમાં ઘણી જગ્યાએ મૌજૂદ છે, તે કયાં છે, કે જે અઝલથી (હમેશથી) ચમકતું, તેજસ્વી અને ચાલતું જ આવેલું છે ?

જવાબ : તે નૂર બરહક ઈમામની પવીત્ર હસ્તીમાં છે જે ઔલિયાઓનો બાદશાહ છે

સવાલ ૯ : શું અલ્લાહની રસ્સી (૩/૧૦૩) પણ એજ એટલે કે ઈમામ છે કે કોઈ અન્ય શખ્સ ?

જવાબ : એજ ઈન્સાને કામીલ ખુદાની રસ્સી પણ છે કે જે ઝમાનામાં પેશ્વા છે.

સવાલ ૧૦ : કહેવાય છે કે ખુદાનો ખલીફા (પ્રતિનિધિ) આ ધરતી ઉપર ખુદાના અરીસાનું કામ કરે છે તો તે કોણ છે ?

જવાબ : તે સલ્તનતે લા ફનાનો સુલતાન અને વિલાયતે ઈન્નમા (૫/૫૫)નો શહેનશાહ છે.

સવાલ ૧૧ : ઝમાનાનો બાદશાહ કોણ છે, અને દીનનો સરદાર કોણ છે?

જવાબ : તે મૌલાના શાહ કરીમ અલ હુસેની ઈમામે ઝમાનજ છે

કે જે હિદાયતનું મૂળ છે.

સવાલ ૧૨ : જે નૂર આરંભથીજ આસ્માની પુસ્તકની સાથે સાથે આવ્યું છે તે કયાં છે ?

જવાબ : તે નૂર મૌલા અને પેશ્વા (ઇમામ અ.સ.)ની મુબારક પેશાનીમાં જલ્વાગર છે.

સવાલ ૧૩ : તે ખુદાનું જાહેરી સ્વરૂપ અને ઝમાનાનો પવીત્ર ઇમામ કોણ છે ?

જવાબ : તે જાહેરી સ્વરૂપ આપણા આકાએ નામદાર છે જે દરેક રીતે અને દરેક પ્રકારે બેહદ પાક પવીત્ર છે.

સવાલ ૧૪ : પોતેજ ખજાનચી પણ છે, ખજાનો પણ છે, કુંજી પણ છે અને દરવાજો પણ. આ કોણ હોઇ શકે છે કે જે આ સઘળા ગુણોનો માલિક છે ?

જવાબ : તે ખુદાએ બુઝુર્ગ અને બુલંદનું નુર, ઇમામે મુબીન અને બેઉ જગતના અમીર (સાહેબે અમ્ર) છે.

(સોનીકોટ – ગીલ્ગીટના જમાતખાનાની પાયાવીધી પ્રસંગે રજૂ કરાયેલ ફારસી કવિતાનો તરજુમો)

***– નસીરૂદ્દીન નસીર હુંઝાઇ***

૧૪ ફેબ્રુઆરી ૧૯૮૭.



*`Allāmah*
*Naṣīr al-Dīn Naṣīr Hunzai*

***He is the author of over a hundred books related to the esoteric interpretation of the holy Qur'ān. He writes both prose as well as poetry. He is the first person to have a Dīwān of poetry in Burushaski, his mother tongue, and is known as "Bābā-i Burushaskī" (Father of Burushaski) for his service to that language. He also composes poetry in three other languages: Urdu, Persian and Turkish. His contribution to spiritual science has been widely recognised. His works include "Qur'ānic Healing", "Balance of Realities", "Du`ā' - Essence of `Ibādat", "What is Soul?", "Recognition of Imam, Parts I, II & III", as well as being co-author of a German-Burushaski dictionary published by Heidelberg University and "Hunza Proverbs" published by Calgary University.***